MANOGAT • Year 41 • Issue 1 • 10 April 2022 • Chaitra Sud 9, Samvat 2078 • Yugabd 5124 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત



સત્ય માટે
ઊભા રહેવામાં
જવાબદારી
હોય છે
અને
હું આશા
રાખું છું કે
આ જવાબદારી
બધા નિભાવશે




## પરિવારવાદી પક્ષોએ દેશના યુવાનોને આગળ વધવા દીધા નથી


મહાસંમેલન
લક્ષ્ય૧૮૨
DIGITAL WARRIORS



Year : 41, Issue : 1, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં ભાજપની સદી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ભારતીય જનતા પાર્ટીના ૪૨મા સ્થાપનાદિનની ઉજવણી સમયે આપણા સૌ માટે એક વિશેષ ગૌરવની બાબત એ પણ જાણવા મળી છે કે દેશની સંસદના રાજ્યસભા ગૃહમાં ભાજપની સભ્ય સંખ્યા ૧૦૧ થઈ છે. ૧૯૮૮ પછી પ્રથમ વખત કોઈ રાજકીય પક્ષે ૧૦૦નો આંક પાર કર્યો છે.

આપણા માટે સંતોષની બાબત એ છે કે જનસંઘ અને ભાજપથી શરૂ થયેલી આપણી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વૈચારિક રાજકીય યાત્રા લોકસભા ૨૦૧૯માં ૩૦૩ અને અત્યારે રાજ્યસભામાં ૧૦૧ સીટો સાથે શિરમોર બની છે.

આપણા હૈયે આનંદ એ બાબતનો પણ છે કે વિધાનસભાના માધ્યમથી રાજ્યસભામાં ચૂંટાતા પ્રતિનિધિઓની આ વધી રહેલી સંખ્યા એ દેશના પ્રત્યેક રાજ્યમાં આપણી વિચારધારાનું પ્રતિનિધિત્વ પણ વધી રહ્યું છે તે પ્રગટપણે દર્શાવી રહી છે.

આપણા દેશના સમવાયી વ્યવસ્થા તંત્રમાં અને રાજ્યના શ્રેષ્ઠ, ઝડપી અને પ્રામાણિક વિકાસ માટે જેમ ડબલ એન્જિન સરકારો જરૂરી છે તેવી રીતે કાયદા-કાનૂનોના ઘડતર, સંવર્ધન અને નૂતન સંશોધનો માટે સંસદનાં બંને ગૃહોમાં આપણી વિચારધારાનું પૂરતું પ્રતિનિધિત્વ આવશ્યક છે.

આ દિશામાં આરંભાયેલી આ અભૂતપૂર્વ સફળતા એક બાજુ દેશની વિકાસની રાજનીતિની દિશા તરફનું મજબૂત પ્રયાણ તો સ્પષ્ટ કરે જ છે, સાથે સાથે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની આપણી વિચારધારાની દીર્ઘકાલીન વિભાવના પણ પ્રસ્થાપિત કરે છે.

રાજ્યસભા એ ક્યારેય ભંગ ન થતું સતત ચાલતું ગૃહ છે. એમાં આપણી સભ્યસંખ્યાનો થઈ રહેલો વધારો અવિરામ, અવિચલ સાધનાની જેમ તપવંદના સ્વરૂપે અખંડ ચાલતો રહે તેવી, આવો, આપણે સૌ ભગવાન શ્રીરામને પ્રાર્થના કરીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
**E-mail : manogat.1980@gmail.com**

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# ભાજપનો દરેક કાર્યકર દેશનાં સપનાંનો અને સંકલ્પોનો પ્રતિનિધિ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી



### આઝાદીના અમૃત મહોત્સવને કર્તવ્યકાળમાં પરિવર્તિત કરીએ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય જનતા પાર્ટીના ૪૨મા સ્થાપના દિવસ પર વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા દેશભરના પક્ષના કાર્યકરો સાથે વાર્તાલાપ કર્યો અને તેમને દેશના નવનિર્માણમાં અને જન-જનની સેવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા જણાવ્યું. આ પ્રસંગે તેમણે પાર્ટીના કાર્યકરોને આહ્વાન કરતાં કહ્યું કે, તેઓ આઝાદીના અમૃત મહોત્સવને કર્તવ્યકાળમાં પરિવર્તિત કરે. તેમણે ચૈત્ર નવરાત્રિની પાંચમી અધિષ્ઠાત્રી સ્કંદમાતાને પ્રણામ કરતાં કહ્યું કે હાલમાં જ ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર પૂર્ણ બહુમતી સાથે પરત ફરી છે, તેના કારણે ભાજપના કાર્યકરોની જવાબદારી વધુ વધી ગઈ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાજપના ૪૨મા સ્થાપના દિવસ પર, જનસંઘથી લઈને ભારતીય જનતા પાર્ટી સુધી, **હું એવા તમામ મહાપુરુષો અને મહિલાઓને નમન કરું છું જેમણે સંગઠન અને પક્ષના નિર્માણમાં પોતાનું યોગદાન આપ્યું** છે. હું દેશ અને દુનિયામાં ફેલાયેલા ભાજપના દરેક કાર્યકર્તાને મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપું છું. કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કોહિમા સુધી ભાજપ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સતત મજબૂત કરી રહ્યું છે. આ વર્ષનો સ્થાપના દિવસ વધુ ત્રણ કારણોસર ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની ગયો છે. પહેલું કારણ એ છે કે આ સમયે આપણે દેશની આઝાદીના ૭૫ વર્ષના પર્વને ઊજવી રહ્યા છીએ.આઝાદીના અમૃત ઉત્સવની ઉજવણી કરી રહ્યા છીએ. પ્રેરણા માટે આ બહુ મોટો અવસર છે. બીજું કારણ ઝડપથી બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ, બદલાતી વૈશ્વિક વ્યવસ્થા છે. આમાં ભારત માટે સતત નવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. ત્રીજું કારણ પણ એટલું જ મહત્ત્વનું છે. થોડાં અઠવાડિયાં પહેલાં જ ચાર રાજ્યોમાં બીજેપીની ડબલ એન્જિનવાળી સરકારો પરત આવી છે. ત્રણ દાયકા બાદ રાજ્યસભામાં પાર્ટીના સભ્યોની સંખ્યા ૧૦૦ પર પહોંચી ગઈ છે.

માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું કે વૈશ્વિક દૃષ્ટિકોણથી જોઈએ અથવા રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી, **ભાજપ અને ભાજપના દરેક કાર્યકર્તાની જવાબદારી સતત વધી રહી છે.** તેથી જ ભાજપનો દરેક કાર્યકર દેશનાં સપનાંનો પ્રતિનિધિ છે, દેશના સંકલ્પોનો પ્રતિનિધિ છે. આ અમૃતકાળમાં ભારતની વિચારસરણી આત્મનિર્ભરતાની છે. સ્થાનિકને વૈશ્વિક બનાવવા માટેની છે. સામાજિક ન્યાય માટેની છે. સમરસતાની છે. આ સંકલ્પો લઈને આપણા પક્ષની સ્થાપના થઈ છે. આ અમૃતકાળ આપણા કાર્યકર્તાઓ માટે કર્તવ્યકાળ છે. આપણે સતત દેશના સંકલ્પ સાથે જોડાયેલા રહેવાનું છે અને આ દિશામાં કાર્ય કરતા રહેવાનું છે. અમારી સરકાર રાષ્ટ્રીય હિતને સર્વોપરી રાખીને કામ કરી રહી છે. આજે દેશની પાસે નીતિઓ અને નિયત પણ છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે એક સમય એવો હતો જ્યારે લોકો માની લેતા હતા કે સરકાર કોઈની પણ આવે પરંતુ દેશનું કંઈ થવાનું નથી. ચારે તરફ નિરાશાનું વાતાવરણ હતું, પરંતુ **આજે દેશનો દરેક વ્યક્તિ ગર્વથી કહી રહ્યો છે કે દેશ બદલાઈ રહ્યો છે.** ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે વિશ્વની સામે એક એવું ભારત છે, જે કોઈપણ ડર કે દબાણ વિના પોતાના હિત માટે અડગ છે. જ્યારે આખું વિશ્વ બે વિરોધી ધ્રુવોમાં વહેંચાયેલું છે, ત્યારે ભારતને એક એવા દેશ તરીકે જોવામાં આવે છે જે માનવતાની મક્કમતાથી વાત કરી શકે છે.

માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું કે આજે દેશ પાસે નિર્ણયશક્તિ અને સંકલ્પશક્તિ પણ છે. આજે આપણે લક્ષ્યો નક્કી કરી રહ્યા છીએ અને તેને પરિપૂર્ણ કરી રહ્યા છીએ. થોડા સમય પહેલાં, **દેશે ૪૦૦ બિલિયન ડોલર**



**એટલે કે ૩૦ લાખ કરોડના ઉત્પાદનોનાં નિકાસનો લક્ષ્યાંક પૂરો કર્યો છે.** કોરોનાકાળમાં આ લક્ષ્યાંક પૂરો કરવો એ ભારતની ક્ષમતા દર્શાવે છે. ભારત સંસાધનો સાથે કોરોનાની લડાઈ લડી રહ્યું છે, જીતવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. **આજે ભારત ૧૮૦ કરોડથી વધુ રસીના ડોઝ આપવાવાળો દેશ છે. આવા મુશ્કેલ સમયમાં ભારત ૮૦ કરોડ ગરીબોને મફત રાશન આપી રહ્યું છે.**

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આપણા દેશમાં દાયકાઓથી કેટલાક રાજકીય પક્ષોએ માત્ર વોટ બેંકની રાજનીતિ કરી છે. થોડા જ લોકોને વચન આપો, મોટાભાગના લોકોને વંચિત રાખો. ભેદભાવ, ભ્રષ્ટાચાર... આ બધું વોટબેંકના રાજકારણની આડઅસર હતી. ભાજપે આ વોટ બેંકની રાજનીતિને ટક્કર આપી છે અને તે દ્વારા થતું નુકસાન દેશના લોકોને સમજાવવામાં સફળ રહી છે. ભાજપના સારા ઈરાદાને કારણે લોકોના ભરપૂર આશીર્વાદ મળી રહ્યા છે. આજે દલિતો, પછાત, આદિવાસીઓ, ખેડૂતો, યુવાનોની સાથે જે રીતે મહિલાઓ ભાજપની તરફેણમાં મક્કમતાથી ઊભી છે, તે પોતાનામાં નવા યુગની શક્તિનું પ્રતિબિંબ છે. **ભાજપના વિજયતિલક માટે માતાઓ અને બહેનો મોખરે છે.** આ કોઈ ચૂંટણીની ઘટના નથી, આ એક સામાજિક અને રાષ્ટ્રીય જાગૃતિ છે જેનું ઈતિહાસમાં વિશ્લેષણ કરવામાં આવશે. અમે સુશાસન અને કડક કાયદાઓથી મહિલાઓમાં સુરક્ષાની ભાવના પેદા કરી છે. સ્વાસ્થ્યથી લઈને રસોડાની ચિંતાઓ કરી છે. માતૃશક્તિમાં આત્મવિશ્વાસ જાગ્યો છે જે ભારતને નવી દિશા આપી રહી છે. વિકાસમાં મહિલાઓની ભાગીદારી વધારવી એ આપણી જવાબદારી છે.

તેમણે કહ્યું કે આઝાદીના આ અમૃતકાળમાં, સૈચુરેશન એટલે કે **જનકલ્યાણની દરેક યોજનાઓ સોએ સો ટકા લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો** જે **સંકલ્પ** લીધો છે, એ ખૂબ વિરાટ છે. સૈચુરેશન સુધી પહોંચવાના આ અભિયાનનો અર્થ છે - ભેદભાવના તમામ અવકાશને દૂર કરવો, તુષ્ટીકરણના ભયને દૂર કરવો, સ્વાર્થના આધારે લાભ મેળવવાની વૃત્તિનો અંત લાવવો અને સમાજની છેલ્લી હરોળમાં ઊભેલી વ્યક્તિ સુધી સરકારી લાભો પહોંચે તે સુનિશ્ચિત કરવું.

શ્રી મોદીએ કહ્યું કે આપણા માટે રાજકારણ અને રાષ્ટ્રીનીતિ સાથે સાથે ચાલે છે. અમે રાજનીતિને રાષ્ટ્રીય નીતિથી અલગ કરનારા લોકો નથી. એ પણ સાચું છે કે દેશમાં બે પ્રકારનું રાજકારણ ચાલે છે. એક પરિવાર પ્રત્યેની ભક્તિનું રાજકારણ અને બીજું રાષ્ટ્રની ભક્તિનું. કેન્દ્રીય સ્તરે, અમારી પાસે વિવિધ રાજ્યોમાં કેટલાક રાજકીય પક્ષો છે, જે ફક્ત અને ફક્ત પોતાના પરિવારોના હિત માટે કામ કરે છે. પરિવારવાદી સરકારોમાં, પરિવારના સભ્યો પાસે સ્થાનિકથી લઈને સંસદ સુધીનો દબદબો રહે છે.

તેઓ અલગ-અલગ રાજ્યોમાં હોઈ શકે છે, પરંતુ તેઓ પરિવારવાદના તારથી જોડાયેલા રહે છે. એકબીજાના ભ્રષ્ટાચારને ઢાંકી રહ્યા છે. આ **પરિવારવાદી પક્ષોએ દેશના યુવાનોને આગળ વધવા દીધા નથી**. તેમની સાથે હંમેશા વિશ્વાસઘાત કર્યો છે. આજે આપણને ગર્વ હોવો જોઈએ કે આજે ભાજપ એકમાત્ર એવી પાર્ટી છે, જે દેશને આ પડકારથી વાકેફ કરી રહી છે. લોકશાહી સાથે રમત રમી રહેલા આ પક્ષો બંધારણ અને બંધારણીય વ્યવસ્થાને પણ સમજતા નથી. આજે પણ આવા પક્ષો સામે આપણા કાર્યકરો અન્યાય, અત્યાચાર અને હિંસા સામે લોકતાંત્રિક મૂલ્યો સાથે લડી રહ્યા છે.


શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આજે દેશ પાયાગત તમામ અભિયાનોને આગળ ધપાવી રહ્યો છે. સરકારના આ અભિયાન પાછળ ભાજપના કાર્યકર્તાઓ જ પ્રેરક બળ છે. **થોડા દિવસો પછી જ્યોતિબા ફૂલે અને બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી છે. પાર્ટી આજથી સામાજિક ન્યાય પખવાડિયાની શરૂઆત કરવા જઈ રહી છે.**

આપને આ અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવા વિનંતી છે. **સરકાર ગરીબો માટે જે યોજના ચલાવી રહી છે તેનાથી દેશવાસીઓને વાકેફ કરો.** એક કાર્યકર તરીકે પક્ષ મને જે પણ આદેશ આપશે, હું પણ કાર્યકર તરીકે મારાથી શ્રેષ્ઠ પ્રયાસો કરીશ. તમારા સાથી કાર્યકર તરીકે હું તમારી પાસેથી આ જ અપેક્ષા રાખું છું.

**તેમના સંબોધનની શરૂઆતમાં જ માનનીય વડાપ્રધાને કહ્યું કે આજે નવરાત્રિની પંચમી તિથિ પણ છે. આ દિવસે આપણે સૌ માતા સ્કંદમાતાની પૂજા કરીએ છીએ. આપણે બધાએ જોયું છે કે માતા સ્કંદમાતા કમળના આસન પર બિરાજે છે અને પોતાના બંને હાથમાં કમળનું ફૂલ ધરાવે છે. મારી પ્રાર્થના છે કે માતા સ્કંદમાતાના આશીર્વાદ દેશવાસીઓ, પ્રત્યેક કર્મઠ કાર્યકર અને ભાજપના દરેક સભ્ય પર હંમેશાં રહે.**



**શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પાછલાં સાડા સાત વર્ષમાં દેશને સુરક્ષિત અને દેશની સમૃદ્ધિનો પાયો નાખવાનું અને વિશ્વમાં દેશનું સન્માન વધારવાનું ભગીરથ કાર્ય કર્યું**



# ગુજરાત ભાજપના અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલજીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતના ભાજપા કાર્યકર્તાઓએ સતત લોકોની સાથે રહી સેવાથી સંગઠનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે - શ્રી અમિતભાઈ શાહ

ગુજરાત ભાજપના અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતના ભાજપા કાર્યકર્તાઓએ પોતાના જીવના જોખમે સતત લોકોની સાથે રહી સેવાથી સંગઠનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોરોનાની વૈશ્વિક મહામારીમાં ભાજપા સરકાર, સંગઠન અને નાગરિકો એકજૂટ બનીને લડ્યા, ૧૯૯૦ થી ભાજપા સતત ગુજરાતના લોકોના અપાર સ્નેહ અને આશીર્વાદ મેળવી રહી છે તેનું આ પ્રતિબિંબ છે.

શ્રી શાહે આત્મવિશ્વાસ સાથે ઉમેર્યું હતું કે ગુજરાત ભાજપનો ગઢ હતો, છે અને રહેશે. ચૂંટણીઓ આવે એટલે કોંગ્રેસને સપનાં આવવાનાં શરૂ થઈ જાય છે પરંતુ દેશ અને રાજ્યની જનતા કોંગ્રેસની નીતિ-રીતિ સુપેરે જાણી ચૂકી છે.

શ્રી શાહે કહ્યું હતું કે ૨૦૨૨ના આ શુભ વર્ષમાં ચાર રાજ્યોમાં વિજય થકી ભાજપાને જનસેવાની તક મળી. ચારેય રાજ્યોમાં ભગવો લહેરાયો અને કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયાં. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં સંવેદના સાથે ગરીબની ચિંતા કરી, વિકાસનાં કાર્યો કર્યાં, ગામડાઓને સુવિધાઓથી સુસજ્જ અને શહેરોને અર્બન ડેવલપમેન્ટ હેઠળ વિકસિત કર્યાં. શ્રી મોદીજીએ પાછલાં સાડા સાત વર્ષમાં દેશને સુરક્ષિત અને દેશની સમૃદ્ધિનો પાયો નાખવાનું અને વિશ્વમાં દેશનું સન્માન વધારવાનું ભગીરથ કાર્ય કર્યું, જેને પરિણામે આજે સમગ્ર દેશમાં અપેક્ષા અને આશાઓનું વાતાવરણ સર્જાયું છે. સૌ કોઈ અનુભૂતિ કરી રહ્યા છે કે ભારત ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં હબ બની શકે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ 'આત્મનિર્ભર ભારત' અને 'વોકલ ફોર લોકલ'નો નારો સૌએ સ્વીકાર્યો જેને કારણે આજે તમામ ક્ષેત્રે ભારત દ્રુતગતિથી આગળ વધી રહ્યું છે.

શ્રી શાહે કહ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ ક્ષેત્રમાં અને કલોલ શહેરમાં અંદાજિત ૩૮ કરોડથી વધુ અને અમદાવાદમાં ૩૦૦ કરોડથી વધુ રકમનાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત ભાજપાના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ધ્યેયમંત્રને ચરિતાર્થ કરે છે.

કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારોએ કોરોના નિયંત્રણ માટે રાત-દિન મહેનત કરી છે. આ માટે તેઓએ ગુજરાતની ભાજપા સરકારને અભિનંદન પાઠવ્યાં હતાં. તેઓએ કહ્યું હતું કે મોદીજીના નેતૃત્વમાં દેશના વૈજ્ઞાનિકોએ દિન-રાત અથાગ મહેનત કરી બે પ્રકારની ભારતીય રસીની શોધ કરી. આ વેક્સિન અંગે પણ કોંગ્રેસે અનેક ભ્રમણાઓ ફેલાવી અને લોકોના મનમાં શંકા-કુશંકાઓ ઊભી કરી. આજે આ જ વેક્સિન કરોડો લોકો માટે કોરોના સામે જીવનરક્ષક કવચ બની છે. એક બાજુ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેક્સિન શોધવાનું સંપૂર્ણ શ્રેય વૈજ્ઞાનિકોને આપી પ્રજા વતી ધન્યવાદ પાઠવ્યા જે ભાજપાના સંસ્કાર અને વિચારો પ્રદર્શિત કરે છે, જ્યારે બીજી બાજુ કોંગ્રેસે સંશય ઊભો કરી લોકો વેક્સિન લેતાં ડરે તેવો માહોલ સર્જ્યો હતો.

શ્રી શાહે ગૌરવભેર જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાકાળમાં દેશના પ્રત્યેક ગરીબની ચિંતા કરીને બે વર્ષ સુધી પરિવારના પ્રત્યેક વ્યક્તિને પાંચ કિલો અનાજ નિઃશુલ્ક પૂરું પાડ્યું છે.



## સુરત ખાતે 'સક્રિય કાર્યકર્તા મહાસંમેલન'

# ભાજપના કાર્યકર્તાનું સન્માન એ આપણું સ્વાભિમાન છે - શ્રી સી. આર. પાટીલ



સુરત ખાતે 'સક્રિય કાર્યકર્તા મહાસંમેલન' અંતર્ગત સમગ્ર ગુજરાતના ૪૧ જિલ્લા/મહાનગરના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ અને ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરવામાં આવ્યું.

શ્રી સી. આર. પાટીલે કાર્યક્રમને સંબોધતાં જણાવ્યું કે, આ સક્રિય સદસ્યનો કાર્ડ વિતરણ કાર્યક્રમ સમગ્ર દેશ અને દુનિયામાં સર્વ પ્રથમ વખત થઈ રહ્યો છે. સક્રિય સભ્ય બનવા માટે સૌથી પહેલાં ઓછામાં ઓછા ૨૫થી વધારે પ્રાથમિક સદસ્યોને જોડો તો તમે સક્રિય સભ્ય બની શકો. આજે લગભગ **૧,૨૯,૦૯૦** સક્રિય સદસ્યો અને વિશ્વની અંદર ભાજપ જેટલા **૧ કરોડ ૧૪ લાખ** પ્રાથમિક સદસ્યો કોઈપણ જગ્યાએ જોવા નહીં મળે. પેજ સમિતિના સદસ્યોને પ્રાથમિક સદસ્ય બનાવી અને તેને પ્રમોશન મળે તેવી હાકલ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલે દરેક સક્રિય સદસ્યોને કરી હતી.

શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા હરહંમેશ દરેક મુશ્કેલીઓનો સામનો કરવા માટે તત્પર છે. ચૂંટણી લાવવી અને આવવી એ ચૂંટણીપંચ નક્કી કરે છે પરંતુ ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા દરોરોજ ચૂંટણી છે તેમ જ માનીને પ્રજાની સેવામાં સતત લાગેલો રહે છે. કેટલાક ટીકાકારો પાસે ટીકા કર્યા સિવાય બીજા કોઈ મુદ્દા જ નથી. કોંગ્રેસીઓને તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ખબર પડી ગઈ કે, ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા કેટલો મજબૂત અને સક્ષમ છે. **જે પણ કાર્યકર્તાને જે પણ જવાબદારી મળે તે પૂરી નિષ્ઠાથી નિભાવે છે.** શ્રી પાટીલે કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, ચૂંટણી સમયે કોંગ્રેસીઓ એમ કહેતા હતા કે, તમે શહેરી વિસ્તારમાં જીત્યા છો. તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ખબર પડશે કે આ ચેલેન્જને ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તાએ ઊપાડી અને કોંગ્રેસને સમ ખાવા પૂરતી એક પણ સીટ ન આપી.

શ્રી સી. આર. પાટીલે વધુમાં ઉમેરતાં જણાવ્યું કે, ભાજપના દરેક કાર્યકર્તાનો જન્મ જીતવા માટે થયો છે. આવનાર ચૂંટણીમાં કોંગ્રેસને ચૂંટણી લડવા માટે કોઈ ઉમેદવાર પણ નહીં મળે. આ તાકાત એ આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમીન સાથે જોડાયેલા કાર્યકર્તાની ઈમેજ તેમજ તેમની લોકચાહના અને ભારતીય જનતા પાર્ટીના મજબૂત સંગઠનના કારણે શક્ય બન્યું છે. ચૂંટાયેલા પ્રતિનિધિ અને કાર્યકર્તાઓ ઘણીવાર ભૂલો કરે છે પરંતુ આ ભૂલોને માફ કરી અને માત્ર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને તેમનાં વિકાસલક્ષી કાર્યોને દરેક જન-જન સુધી પહોંચે તેના કારણે આપણને મત મળે છે. જીતેલા તમામ ઉમેદવારોને જણાવ્યું કે તમે તમારા મતદાતાઓનો આભાર માનજો અને પોતે અહમ્ ના લાવતા કે હું મારી લોકચાહનાના કારણે જીતી શક્યો કે હું મારાં કાર્યોના લીધે જીતી શક્યો, પરંતુ તમે માત્ર **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકચાહના અને કાર્યકર્તાઓની ફોજ અને તેના અથાક પરિશ્રમથી જીતી શક્યા છો.**

શ્રી પાટીલે જણાવ્યું કે, **ભારતીય જનતા પાર્ટીના કોઈપણ કાર્યકર્તાનું અપમાન સહન ન જ કરી શકાય.** માન. ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર અને તેમના મંત્રીશ્રીઓ હવે કાર્યકર્તાઓની મુશ્કેલીઓને સમજતા થયા છે. કાર્યકર્તા જ્યારે પણ કોઈપણ મંત્રીશ્રી સાથે પ્રજાલક્ષી કાર્ય લઈને જાય ત્યારે મંત્રીશ્રીઓ પણ તે કાર્યને સહજતાથી સાંભળી અને તેના ઉકેલ લાવવાના પ્રયત્નો કરે છે અને નાનામાં નાના પ્રશ્નોને વાચા આપી કાર્યકર્તાનો વિશ્વાસ જીતે છે. શ્રી પાટીલે જણાવ્યું કે, ગુજરાત સરકારે શિક્ષણજગતની અંદર ૧૦ હજાર શિક્ષકોની ભરતીની મંજૂરી આપી અને એક સાથે ૮ હજારથી વધુ શિક્ષકોની ભરતી આગામી સમયમાં કરવાનો પણ વિશ્વાસ અપાવ્યો છે.


શ્રી સી. આર. પાટીલે ઉદ્યોગક્ષેત્ર અને ખેડૂતમિત્રોની વાત કરતાં જણાવ્યું કે, ઉકાઈની સુગર ફેક્ટરી આદરણીય અટલજીનું સ્વપ્ન હતું કે તેને વેગ મળે.



આ અટકાયેલા પ્રોજેક્ટને ફરી વેગવંતો કરવા માટે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સુગર ફેક્ટરી ફરી એક વખત ધમધમતી થાય અને લાખો યુવાનોને રોજગારી મળે તે હેતુથી ૩૦ કરોડની સહાયની મંજૂરી આપી અને આ ફેકટરી આવનાર ટૂંક સમયમાં શરૂ પણ થઈ જશે. જે ખેડૂતો શેરડી પકવે છે તેમને પૂરતો ભાવ નહોતો મળતો. આ સુગર ફેક્ટરીઓને શરૂ કર્યા પછી **૧૮૦૦થી ૨૮૦૦** સુધીનો ભાવ ખેડૂતને મળે છે અને ખેડૂતમિત્રો પણ તેનાથી ખુશ છે અને કેન્દ્ર સરકાર પણ ઇચ્છે છે કે ખેડૂતોની આવક બમણી થાય.

તેમણે જણાવ્યું કે, **ગુજરાતમાં સુપોષણ અભિયાન ચાલી રહ્યું છે. મારી દરેક કાર્યકર્તાને વિનંતી છે કે તમે દત્તક લીધેલા કુપોષિત બાળકોને સુપોષિત કરશો અને આ સમૃદ્ધ ગુજરાતમાં કુપોષણ નામ ન રહે તેવો પ્રયત્ન કરશો.** ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશે પણ નક્કી કર્યું કે, સરકારની સાથે ખભેથી ખભો મિલાવીને ગુજરાતની અંદર ૧૩ લાખ બાળકોને કુપોષણથી મુક્ત કરી એમને સુપોષિત બનાવીશું. ભાજપના કાર્યકર્તાનું સન્માન એ આપણું સ્વાભિમાન છે, અને તે જોવું હોય તો કોઈપણ ઘરનું બારણું ખટખટાવજો અને ત્યાં કોઈ બહેન કે દીકરી એકલી હશે અને તમારા ગળામાં ભાજપનો કેસરી ખેસ જોશે તો તરત જ તે પોતાની જાતને સુરક્ષિત માની આવકાર આપશે અને પાણીનો ભાવ પૂછશે, કારણ કે તેને પાર્ટીની શિસ્ત અને સંસ્કારની ખબર છે અને આથી જ ભારતીય જનતા પાર્ટીને દરેક જગ્યાએ માન-સન્માન અને લોકચાહના મળી છે.

## ગમે તેવી અગ્નિપરીક્ષામાંથી પણ પ્રજાજનોને દુઃખમાંથી બહાર કાઢી લાવે એનું નામ દેવદુર્લભ કાર્યકર્તા - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



કર્ણાવતી મહાનગર ખાતે સક્રિય સદસ્ય કાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો જેમાં, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ વર્ચુઅલી ઉપસ્થિત રહ્યા હતા.

કર્ણાવતી ખાતે ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાને અત્યાર સુધી દેવદુર્લભ કાર્યકર્તા કોઈએ નહિ કીધું હોય. દેવદુર્લભ કાર્યકર્તા એટલે ગમે તેવી અગ્નિપરીક્ષામાંથી પણ પ્રજાજનોને દુખમાંથી બહાર કાઢી લાવે એનું નામ દેવદુર્લભ કાર્યકર્તા. વાવાઝોડું, ધરતીકંપ કે પછી કોરોના જેવી મહામારી હોય, ગમે તેવી પરિસ્થિતિમાં પણ પ્રજાની સમક્ષ રહી પ્રજાના દુખે દુઃખી અને પ્રજાના સુખે સુખી રહેતો આપણો આ કાર્યકર્તા છે. હરહંમેશ સક્રિય રહેવાની પ્રેરણા આપણને માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, દેશના ગૃહ તેમજ સહકારિતા મંત્રીશ્રી માન.અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી અને આપણા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજી તરફથી મળતી હોય છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, આ સરકાર એ કાર્યકર્તાઓનો વટ પાડવાવાળી સરકાર છે. જે કાર્યકર્તા પ્રજા વચ્ચે પ્રજાની સેવામાં ઝઝૂમતો હોય અને તે પ્રજાનાં સેવાકીય કાર્યો લઈ ગાંધીનગર આવે તો એ કાર્યકર્તાનો વટ પાડવો એ સરકારની જવાબદારી છે. સરકાર મોટી યોજનાઓ બનાવી તો જરૂર શકે પરંતુ એ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કાર્ય આ કાર્યકર્તાઓ થકી જ શક્ય છે. માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો આઝાદી કા અમૃત મહોત્સવનો જ સંકલ્પ છે, આઝાદીમાં જેણે ભાગ લીધો હોય, બલિદાન આપ્યાં હોય એમને યાદ કરીને જ્યારે ૧૦૦ વર્ષ શતાબ્દી ઊજવે ત્યારે એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ છે તે પૂર્ણ થશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ એની જવાબદારી એ આપણા સૌ સક્રિય કાર્યકર્તાઓની છે અને એને આપણે સુપરે નિભાવવાની છે. પાર્ટી જે ઊંચાઈ પર છે એનાથી પણ ખૂબ ઊંચાઈ સુધી પહોંચાડી શકીએ તેવા પ્રયત્નો આપણે સૌએ કરવાના છે તેમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

શ્રી સી.આર.પાટીલે અંતમાં ટોપીની વાત કરતાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત આવ્યા ત્યારે આપણને દરેકને ટોપી ભેટ આપીને ગયા છે અને આ ટોપી સમગ્ર નેશનલ મીડિયાએ તેના રંગ, આકાર, કમળ અને ટોપી પરની પટ્ટીની નાનામાં નાની નોંધ લીધી છે ત્યારે આપણે આ ટોપીની ગરિમા જાળવી રાખવાની છે.



# મૃદુ
# પણ
# મક્કમ
# નીડર
# અને
# પરિશ્રમી
# મુખ્યમંત્રી
# શ્રી ભૂપેન્દ્રભાઈ
# પટેલ
# સરકારના
# પ્રથમ
# ૨૦૦ દિવસની
# જનસેવા
# પરિશ્રમયાત્રા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના સુશાસનને **૨૦૦ દિવસ** પૂર્ણ થયા છે. નિર્મળતા સાથે નિર્ણાયકતાનો સમન્વય ધરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આ જનસેવા યાત્રા ક્રાંતિકારી નિર્ણયો, અનેરી ઉપલબ્ધિઓ, નવતર પહેલ સાથે રાજ્યના જનજનની સેવાની સફળ પરિશ્રમ યાત્રા બની છે.

મુખ્યમંત્રીશ્રીએ આ **૨૦૦ દિવસ** દરમિયાન **૬૧,૦૦૦ કિલોમીટર**નો પ્રવાસ કરીને લોકો વચ્ચે, લોકો સાથે, લોકો માટે સતત કર્તવ્યરત જનસેવકની આગવી છબિ ઉજાગર કરી છે.

સાલસ સ્વભાવ અને સતત પ્રવૃત્ત રહેવાની ધગશ ધરાવતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના જનમાનસમાં મૃદુ પણ મક્કમ અને નિર્ણાયક નેતૃત્વકર્તા પુરવાર થયા છે તે તેમના આ **૨૦૦ દિવસ** દરમિયાનની કાર્યરીતિ-નીતિને આભારી છે.

ગુજરાતના યુવાધનને ઘરઆંગણે, વર્લ્ડ ક્લાસ એજ્યુકેશનની સુવિધા આપવાના ઉદાત્ત ધ્યેયથી રાજ્યમાં નવી **૧૧** ખાનગી યુનિવર્સિટીઓને તેમણે મંજૂરી આપી છે.

નવી શિક્ષણનીતિના દિશાદર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy ૨.૦નું લોન્ચિંગ થયું, જે અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર આ નીતિ અન્વયે આર્થિક સહાય આપે છે.

રાજ્યની શાળાઓમાં માળખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ એક્સેલન્સ યોજનાનો સુદૃઢ અમલ કરવામાં આવ્યો છે.



રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી **૪ વર્ષ**નો પરિણામલક્ષી રોડ મેપ તેમના દિશાદર્શનમાં તૈયાર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે જન-જનના આરોગ્યની પણ પૂરતી કાળજી લીધી છે. વેક્સિનેશન અભિયાન વેગવંતું બન્યું, **૧૦ કરોડ** ડોઝની સિદ્ધિ ગુજરાતે મેળવી. અત્યાર સુધી રાજ્યના **૩૦ લાખ** તરુણોને, **૯ લાખ** બાળકોને કોરોના વિરોધી રસીકરણમાં આવરી લેવાયા છે. ગુજરાત એર એમ્બ્યુલન્સ શરૂ કરનારું પ્રથમ રાજ્ય બન્યું છે.

સ્વસ્થ અને સુરક્ષિત ગુજરાત માટે પ્રતિબદ્ધ એવા મુખ્યમંત્રીશ્રીએ સપ્તાહના દરેક શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત બિનચેપી રોગો અને બીમારીઓના સ્ક્રિનીંગથી સારવારની શરૂઆત કરી છે, જે અંતર્ગત રાજ્યના ૩ કરોડ ૩૦ લાખ નાગરિકોને આવરી લેવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વ અને દિશાદર્શનમાં દેશના ગ્રોથ એન્જિન અને પોલિસી ડ્રીવન સ્ટેટ ગુજરાતની સિદ્ધિઓને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુ ઉજ્જવળ બનાવી છે.

તેમના નેતૃત્વમાં રાજ્ય સરકારે ચાર નવી પોલિસી સફળતાપૂર્વક અમલી બનાવી છે, જેમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી -૨.૦; આઈ.ટી. પોલિસી-૨૦૨૨, બાયોટેકનોલોજી પોલિસી અને સ્પોર્ટ્સ પોલિસીનો સમાવેશ થાય છે. આ બધી જ પોલિસી દ્વારા રાજ્યની યુવાશક્તિના કૌશલ્યને વિશ્વ સમકક્ષ બનાવવાનો સફળ આયામ આદર્યો છે.

પાંચ લાખ યુવાનોના કૌશલ્યનિર્માણ માટે કૌશલ્ય ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

રાજ્યના નવયુવાનોને સુરક્ષા સેવા ક્ષેત્રમાં જોડવા માટેની સુવર્ણતક ઊભી કરવામાં આવી છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટરના વિવિધ સંવર્ગોની **૧૩૮૨** જેટલી જગાઓ ઉપર ભરતી કરવા માટે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું છે.

લોકરક્ષકના વિવિધ સંવર્ગો માટે **૧૦,૪૫૯**ની જગાઓ માટે નવયુવાનોની પારદર્શક ભરતી કરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો, વંચિતો, ગરીબો અને આદિવાસીઓના કલ્યાણ માટે અનેક નવતર પહેલ અને લાભકારી નિર્ણયો આ **૨૦૦** દિવસની અવિરત કર્તવ્યયાત્રામાં કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાસાયણિક ખાતરમુક્ત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તારવાનું પણ અભિયાન ઉપાડયું છે. આદિજાતિ ડાંગ જિલ્લો **૧૦૦ ટકા** પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો જાહેર થયો છે.

એટલું જ નહિ, ગુજરાતનો ખેડૂત હવે ડ્રોન ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરતો થયો છે અને તેનું ઉત્પાદન વધે તથા ઈનપુટ ખર્ચ ઘટે તેવો નવતર અભિગમ સરકારે અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ નારીશક્તિનું સન્માન કરતાં આ વર્ષના બજેટમાં ૪૨ ટકાનો નોંધપાત્ર વધારો કર્યો છે. પોષણ સુધા યોજનાનો વ્યાપ વધારવા અને 'સુપોષિત માતા-સ્વસ્થ બાળ' યોજનાનો અમલ કરીને મુખ્યમંત્રીશ્રીએ મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપ્યું છે.

સગર્ભા અને ધાત્રી માતા તથા બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે એક હજાર દિવસ સુધી **પ્રતિ માસ ૧ કિલો તુવેર દાળ, ૨ કિલો ચણા અને ૧ લિટર ખાદ્ય તેલ વિનામૂલ્યે** આપવામાં આવશે. તે માટે બજેટમાં **૮૫૦ કરોડ રૂપિયા**ની માતબર રકમની ફાળવણી કરી છે.

આદિવાસી વિસ્તારોમાં નવાં **૫૦૦ મોબાઈલ ટાવર** ઊભાં કરી મોબાઈલ નેટવર્ક સુવિધા વધારવાનો નિર્ણય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વના આ **૨૦૦** દિવસ દરમિયાનની વિશેષ ઉપલબ્ધિ છે.

અનુસૂચિત જાતિના **૧.૧૪ લાખ** વિદ્યાર્થીઓને **રૂ. ૧૯૬.૨૩ કરોડ**ની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

વનબંધુઓના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કૂલ ઓફ એક્સલન્સ શરૂ કરાશે જે માટે **૪૫ કરોડ** રૂપિયાની ફાળવણી કરી છે.

શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતમાં જળવ્યવસ્થાપનની કામગીરીને નવી ગતિ મળી છે. નલ સે જલ કાર્યક્રમની કામગીરી ૯૩ ટકા



સુધી પૂરી થઈ ગઈ છે. આ વર્ષના અંત સુધીમાં ૧૦૦ ટકા નલ સે જલ યોજના સિદ્ધ કરવાનો સંકલ્પ છે. રાજયની જળ સંગ્રહક્ષમતા વધારવા માટે ગુજરાત સુજલામ્-સુફલામ્ જળ અભિયાનના પાંચમા તબક્કાની શરૂઆત કરવામાં આવી છે.

કચ્છમાં નર્મદાના પૂરના વધારાના **૧ મિલીયન એકર** ફિટ પાણીથી સિંચાઈ સુવિધાનું આયોજન **રૂ. ૪૩૭૦** કરોડની યોજનાને મંજૂરી આપીને કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાતે રાષ્ટ્રીય માપદંડોમાં ખરા ઊતરી અનેરી સિદ્ધિઓ નોંધાવી છે. આ સાથે જ ગુજરાતની સાડા છ કરોડ જનતાના વ્યાપક હિતને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રીશ્રીએ અનેક મહત્ત્વના નિર્ણયો પણ કર્યા છેઃ

ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું ૨ લાખ **૪૪ હજાર કરોડ**નું, **૧૭ હજાર કરોડ**ના વધારા સાથે અને કોઈ જ નવા કરવેરા વિનાનું પુરાંતવાળું બજેટ રજૂ થયું છે.

ગૌમાતા પોષણ યોજના માટે **રૂ. ૫૦૦ કરોડ**ની બજેટ જોગવાઈ કરીને ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને માળખાકીય સુવિધા વિકાસનો રાહ દર્શાવ્યો છે.

લોકોના પ્રશ્નો સરકારના વિવિધ વિભાગો વચ્ચે અટવાય નહિ તે માટે સરકારના તમામ વિભાગ વચ્ચે સુચારુ સંકલન માટે ઈ-સરકાર પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.

નાગરિકોને બિનખેતીના હુકમ બાદ પ્રોપર્ટી કાર્ડ ઓટો જનરેશનથી આપવાનો સહૃદયી નિર્ણય કર્યો છે.

રાજય સરકારના વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ મેળવવામાં એકસૂત્રતા જળવાય એ માટે 'ડિજિટલ ગુજરાત' અન્વયે ગ્રામ્ય કક્ષાએ તલાટી-કમ-મંત્રી દ્વારા ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર પરથી કાઢી આપવામાં આવતાં આવકનાં પ્રમાણપત્રોની સમયમર્યાદા એક વર્ષથી ત્રણ ગણી વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી છે.

સરકારી કામકાજ માટે કરવાના એફિડેવિટમાંથી મુક્તિ આપીને સેલ્ફ ડેક્લેરેશન (સ્વપ્રમાણપત્ર)ને માન્ય રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે દેશભરમાં અનેકવિધ ક્ષેત્રોમાં પહેલરૂપ સિદ્ધિઓ હાંસલ કરી છે.

ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટિક્સ ઈઝ એક્રોસ ધ સ્ટેટ (LEADS) – ૨૦૨૧માં ગુજરાત પ્રથમ છે.

નીતિ આયોગે જાહેર કરેલા એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ-૨૦૨૧માં ગુજરાત સમગ્ર દેશમાં સતત બીજી વખત પ્રથમ ક્રમે છે. નીતિ આયોગ દ્વારા જાહેર એક્સપોર્ટ કોમ્પિટેટિવનેસ ઈન્ડેક્સ – ૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત નંબર એક પર છે.

નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત દેશમાં સર્વ પ્રથમ છે.

ભારત સરકારના ડી.એ.આર. પી.જી દ્વારા જાહેર કરવામાં આવેલ ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં ગુજરાત દેશમાં સર્વ પ્રથમ છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્મળ-નિખાલસ અને મૃદુ છતાં મક્કમ વ્યક્તિત્વ સાથે દૃષ્ટિવંત, સમયબદ્ધ આયોજનોથી ગુજરાત વિકાસપથ પર સતત અવિરત અગ્રેસર રહ્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અદના સેવક બની ગ્રામીણ વિસ્તારોમાં અચાનક પહોંચી જઈ ગ્રામજનો, બાળકો, ખેડૂતો સાથે સહજ સંવાદ કરીને આ **૨૦૦ દિવસ**ના તેમના અવિરત કાર્ય સેવાયજ્ઞમાં ધરાતળના જનનાયક, સૌના ભૂપેન્દ્રભાઈ તરીકે પ્રસ્થાપિત થયા છે.

## ખેડૂત હિતલક્ષી મક્કમ નિર્ણયો

- ધરતીપુત્રોની જમીન વધુ ફળદ્રુપ બને અને રાસાયણિક ખાતરોથી જમીનને થતા નુકસાનને અટકાવવા માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપી ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. ગુજરાતના ડાંગ જિલ્લાને **૧૦૦ ટકા** પ્રાકૃતિક ખેતી આધારિત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે.
- ખેતરમાં ટ્રાન્સમિશન લાઇન તથા ટાવર ઊભાં કરવાના કિસ્સામાં ખેડૂતોને અપાતા **૭.૫ ટકા** આર્થિક વળતરને બમણું કરીને **૧૫ ટકા** કરવામાં આવ્યું છે.
- ધરતીપુત્રોને રવી તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે, સાથે જ પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ



સહાય આપવાની નવી યોજનાની બજેટમાં જાહેરાત કરી છે, જેનાથી બંને ક્ષેત્રોમાં **૮ થી ૧૦ હજાર કરોડ**નું ધિરાણ મેળવી શકાશે.

- ખેડૂતોની આંગળીના ટેરવે વિશ્વ સમસ્ત આવે અને ખેડૂતોને ખેતઉત્પાદનનું યોગ્ય બજાર પ્રાપ્ત થાય તે માટે સમાર્ટ ફોન ખરીદી અર્થે ફોનની કિંમતના **૪૦ ટકા** અથવા **રૂપિયા ૧૦૦૦**ની સહાય આપવામાં આવે છે.
- સપ્ટેમ્બર મહિનામાં પડેલા ભારે વરસાદથી ખેડૂતોના થયેલા નુકસાનને પહોંચી વળવા **રૂ. ૧૦૭૭ કરોડ**નું કૃષિ રાહત પેકેજ આપવામાં આવ્યું છે.
- અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના માછીમારો માટે **રૂ. ૨૭૫ કરોડ**નું આર્થિક પેકેજ જાહેર કરીને મત્સ્ય ખેડૂતોની પડખે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ સરકાર ઊભી રહી છે.
- અસરગ્રસ્ત પરિવારો પશુપાલકો ઝડપથી બેઠા થાય તે માટે તેમને અપાતી **રૂ.૩૨૦૦**ની સહાયને બમણાથી પણ વધારો કરીને **રૂ. ૭૦૦૦** આર્થિક સહાય આપી છે.
- વરસાદથી નાશ પામેલાં ઝૂંપડાંઓના કિસ્સામાં **રૂ. ૫૯૦૦થી વધારીને રૂ. ૧૦૦૦૦** કરવામાં આવ્યા છે.
- ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધે અને કૃષિ ઈનપુટ ખર્ચ ઘટે, તે માટે નવતર અભિગમ અમલમાં મૂકવા માટે બજેટમાં ૩૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે.
- ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' શરૂ કરી, જેના માટે **૫૦૦ કરોડ રૂપિયા**ની બજેટમાં જોગવાઈ કરી છે.
- ખેડૂતોને રાત્રીના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડતી કિસાન સૂર્યોદય યોજના માટે બજેટમાં **રૂપિયા ૧૪૦૦ કરોડ** જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.
- રાજ્યના ધરતીપુત્રોની માંગણી અનુસારનાં પેન્ડીંગ વીજ કનેક્શનો સત્વરે પૂરાં પાડવાની દિશામાં મક્કમ નિર્ધાર સાથે **રૂ. ૧૦૪૬ કરોડ**ની માતબર રકમ ફાળવી આપવામાં આવી છે.

### વંચિતો, ગરીબો, આદિવાસીઓની પડખે અડીખમ સરકાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ મેળવવામાં એકસૂત્રતા જળવાય એ માટે ડિજિટલ ગુજરાત અન્વયે આવકનાં પ્રમાણપત્રો ગ્રામ્ય કક્ષાએ તલાટી-કમ-મંત્રી દ્વારા ઈ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્ર પરથી કાઢી આપવામાં આવે છે. આવકનાં પ્રમાણપત્રોની સમયમર્યાદા એક વર્ષથી ત્રણગણી વધારીને ત્રણ વર્ષ કરવામાં આવી છે.

- મોબાઈલ નેટવર્કની સુવિધા સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે **રૂ. ૧૦૦ કરોડ**ના ખર્ચે આદિવાસી વિસ્તારમાં ૫૦૦ નવાં મોબાઈલ ટાવર આગામી બે વર્ષમાં ઊભાં કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.
- પીએચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસક્રમ કરનારા આદિવાસી વિદ્યાર્થીઓને અપાતી રૂ. ૨૫,૦૦૦ની સહાયમાં ૪ ગણો ધરખમ વધારો કરીને **રૂ. ૧ લાખ**ની સહાય આપવામાં આવશે.
- નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાનું ૬૦ થી ૮૦ વર્ષની વયના લોકોનું માસિક **પેન્શન ૭૫૦થી વધારીને ૧૦૦૦** અને ૮૦ વર્ષથી વધુના નિરાધારોનું **માસિક પેન્શન ૧૦૦૦ થી વધારી ૧૨૫૦** કર્યું.
- રાજ્યના ૩૬ લાખ પછાત વર્ગના વિદ્યાર્થીઓને અપાતી ગણવેશ સહાય **રૂપિયા ૬૦૦થી વધારીને રૂપિયા ૯૦૦** કરી.
- અનુસૂચિત જાતિના **૧.૧૪ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧૯૬.૨૩ કરોડ**ની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવામાં આવી.
- 'ભિક્ષા નહીં શિક્ષા'ના મંત્ર સાથે શહેરના સિગ્નલ પાસે ભિક્ષાવૃત્તિ કરતા કે અધવચ્ચે શાળા છોડી ગયેલાં દરિદ્ર બાળકોને શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ''સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ''નો પ્રારંભ. આ પ્રોજેક્ટ માટે **૩૦થી વધુ મોબાઈલ સ્કૂલ-બસનો પ્રારંભ** કરાવવામાં આવ્યો.
- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં હાલની **૧ લાખની સહાયને વધારીને ૨ લાખ ૫૦ હજાર** કરી.
- વન અધિકાર અધિનિયમ અન્વયે



**૧૬,૫૭૨** આદિવાસીઓને જમીનના અધિકારો અપાયા છે.

- વનબંધુઓના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ માટે ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કૂલ ઓફ એક્સલન્સ શરૂ કરાશે જે માટે **૪૫ કરોડ રૂપિયા**ની ફાળવણી કરી છે.
- દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય રાખવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.
- સરકારી કામકાજ માટે કરવાના એફિડેવિટમાંથી મુક્તિ આપીને સેલ્ફ ડેક્લેરેશન (સ્વપ્રમાણપત્ર)ને માન્ય રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

### નારીશક્તિનું સન્માન, મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય

- મહિલાઓના સશક્તિકરણ માટે આ વર્ષના બજેટમાં ૪૨ ટકાનો નોંધપાત્ર વધારો. સૌ પ્રથમ જેન્ડર બજેટ હેઠળ ૮૯૧માંથી **૧૭૮ યોજનાઓ માત્ર મહિલાઓના સર્વાંગી વિકાસ માટે કાર્યાન્વિત.**
- "એક હજાર દિવસની સંભાળ – સ્વસ્થ રહે માતા અને બાળ" આ મંત્ર સાથે સુપોષિત માતા – સ્વસ્થ બાળયોજના શરૂ કરી છે, જેમાં સગર્ભા અને ધાત્રી માતા તથા બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે એક હજાર દિવસ સુધી પ્રતિ માસ **૧ કિલો તુવેર દાળ, ૨ કિલો ચણા અને ૧ લિટર ખાદ્ય તેલ વિના મૂલ્યે** આપવામાં આવશે, જે માટે બજેટમાં **૮૫૦ કરોડ રૂપિયા**ની માતબર રકમની ફાળવણી કરી છે.
- ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ અપાતી **રૂ. ૧૨૫૦**ની આર્થિક સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ માટે આર્થિક સહાયનાં ધોરણો ઉદાર બનાવાતાં ૧.૫ લાખ બહેનોથી વધીને ૧૧ લાખ ગંગાસ્વરૂપા બહેનોને આવરી લઈ શકાઈ છે.
- આદિજાતિ વિસ્તારોમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ માટેની 'પોષણ સુધા યોજના'નો વ્યાપ વધારી વધુ ૭૨ તાલુકામાં અમલી બનાવવા **૧૧૮ કરોડ રૂપિયા** ફાળવવામાં આવ્યા છે.
- ગ્રામીણ નારીશક્તિને સ્વરોજગારથી આર્થિક આધાર આપવા GNFC અને GLPC વચ્ચે MOU થયા, જે અંતર્ગત રાજ્યની ગ્રામીણ મહિલાશક્તિ તથા નાના સીમાંત ખેડૂતો લીંબોડી એકત્રીકરણથી આર્થિક આધાર મેળવે છે. GNFCના નીમ પ્રોજેક્ટ અંતર્ગત લીંબોળી એકત્રીકરણ-ખરીદ વ્યવસ્થા-સાબુ-શેમ્પ-હેન્ડવોશ સેનિટાઈઝર જેવી નીમ પ્રોડક્ટનાં સ્વ-સહાય જૂથો દ્વારા વેચાણ કરવામાં આવશે.

### યુવાવિકાસ અને યુવાનોનું કૌશલ્યનિર્માણ

- બાળકોમાં સંસ્કાર સિંચનને પ્રાધાન્ય આપવા માટે શિક્ષણમાં ભગવદ્ ગીતાનો સમાવેશ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.
- નવી શિક્ષણનીતિના દિશાદર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy ૨.૦નું લોન્ચિંગ થયું, જે અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર આ નીતિ અન્વયે આર્થિક સહાય આપે છે.
- ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાનો નિર્ણય કરાયો, વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળશે.
- રાજ્યની શાળાઓમાં માળાખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ એક્સેલન્સ યોજનાનો સુદૃઢ અમલ કરવામાં આવ્યો.
- રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ૪ વર્ષનો પરિણામલક્ષી રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે.
- આઈ ટી ક્ષેત્રમાં વર્ષે ૨૫ હજાર કરોડની નિકાસના લક્ષ્ય સાથે ગુજરાતમાં IT અને IteS પોલિસી ૨૦૨૨ જાહેર કરવામા આવી છે. તેના લીધે આગામી **પાંચ વર્ષમાં ૧ લાખ નવી રોજગારીની તકો** રાજ્યમાં નિર્માણ થશે.
- ગુજરાત સરકાર દ્વારા બાયોટેક્નોલોજી પોલિસી ૨૦૨૨-૨૭ની જાહેરાત કરવામાં આવી છે. આ નવી બાયોટેકનોલોજી પોલિસી ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે. આ પોલિસી અંતર્ગત



સ્પેશિયલ પ્રોજેક્ટસને સહાય અને સપોર્ટ આપવામાં આવશે અને **૧ લાખ નવી રોજગારીનું સર્જન થશે.**

- ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૭ માટે નવી રમતગમત નીતિ (sports Policy) જાહેર કરી છે, જેનાથી ગુજરાતમાં ભવિષ્યની સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ માટેનો માર્ગ મોકળો થયોછે.
- આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ નિવાસી ધોરણે આપવા માટે ૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.
- પાંચ લાખ યુવાનોના કૌશલ્યનિર્માણ માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.
- કોરોનાના કપરા કાળમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ ન લેવાતાં, હવેની આવી પરીક્ષાઓમાં વધુ ઉંમરને કારણે ગેરલાયક ઠરતા ઉમેદવારોને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની વયમર્યાદામાં એક વર્ષનો વધારો કરવાનો યુવાહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.
- લોકરક્ષકના વિવિધ સંવર્ગો માટે ૧૦,૪૫૯ની જગાઓ માટે નવયુવાનોની પારદર્શક ભરતી કરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે.
- યુવાનો રાજ્યના હેરીટેજને જાણે, હેરીટેજનું સંરક્ષણ કરે અને સાથે જ હેરીટેજ ટૂરિઝમ દ્વારા રોજગારીનું સર્જન થાય તે માટે હેરીટેજ પોલિસીની જાહેરાત કરી છે.

## ૨૦૦ દિવસમાં આરંભાયેલો જન જનની સ્વાસ્થ્ય-સુરક્ષાનો મહાયજ્ઞ

- કોરોનાની ત્રીજી લહેરની તકેદારીના ભાગરૂપે **૪૦૦**થી **૫૦૦** મેટ્રિક ટન લીક્વીડ ઓક્સિજન ટેંક મૂકવામાં આવી હતી અને **૧૦,૮૯૯** ઓક્સિજન કોન્સન્ટેટર મૂકવામાં આવ્યાં હતાં. સાથે જ **૧,૦૩,૫૦૦** ઓક્સિજન બેડ, **૧૫૦૦** આઈસીયુ બેડ, **૯,૭૦૦** વેન્ટિલેટર બેડની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- એર એમ્બુલન્સ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય.
- કોરોના વિરોધી રસીકરણ ઝુંબેશમાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. કોરોના વેક્સિનની વ્યાપક અને સઘન કામગીરીના ફળસ્વરૂપે દેશનાં મોટાં રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠ ક્રમ પ્રાપ્ત કરવા બદલ ગુજરાતને ઈન્ડિયા ટુડેના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.
- કોરોના મહામારી સામે રક્ષણ મેળવવા માટે અમોઘ શસ્ત્ર સમાન કોરોના વેક્સિનના **૧૦ કરોડ**થી વધુ ડોઝ નાગરિકોને આપવાની આગવી સિદ્ધિ ગુજરાતે હાંસલ કરી છે.
- રાજ્યમાં અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ ) **૪.૯૧ કરોડ**થી વધુ લોકોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા **૪.૭૫ કરોડ**થી વધુ લોકોને દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો છે.
- રાજ્યમાં ૧૫થી ૧૮ વર્ષની વયના યુવાનોનું કોવિડ-૧૯ રસીકરણ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) ૧૫થી ૧૮ વર્ષની વયના **૩૦.૫૨ લાખ**થી વધુ યુવાનોને કોવિડ રસીકરણનો પ્રથમ ડોઝ તથા **૨૪.૭૩ લાખ**થી વધુ યુવાનોને કોવિડ રસીકરણનો દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો છે.
- રાજ્યમાં ૬૦ વર્ષથી વધુ વયના વડીલો, ફ્રન્ટલાઈન વર્કર્સ તેમજ હેલ્થકેર વર્કર્સને અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) **૨૨.૬૭ લાખ**થી વધુ પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યા છે.
- હવે રાજ્યમાં ૧૨-૧૪ વર્ષની વયનાં બાળકોનું રસીકરણ અભિયાન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે, અને અત્યાર સુધીમાં (તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૨ની સ્થિતિએ) **૯ લાખથી વધુ** બાળકોને કોવિડ–૧૯ રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે.
- સ્વસ્થ અને સુરક્ષિત ગુજરાત માટે પ્રતિબદ્ધ એવા મુખ્યમંત્રીશ્રીએ સપ્તાહના દરેક શુક્રવારે આરોગ્ય દિવસ અંતર્ગત બિનચેપી રોગો અને બીમારીઓના સ્ક્રિનીંગથી સારવારની શરૂઆત કરી છે, જે



અંતર્ગત રાજ્યના ૩ કરોડ ૩૦ લાખ નાગરિકોને આવરી લેવાનું સુદૃઢ આયોજન કરવામાં આવ્યું છે.

- **૪ લાખ ૩૮ હજાર** ઉપરાંત નાગરિકોને ડિજિટલ હેલ્થ આઈડી કાર્ડ આપવામાં આવ્યાં છે.
- વર્ષ ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં અંધત્વનો દર ઘટાડીને **૦.૨૫ ટકા** સુધી લઈ જવાના ધ્યેય સાથે મોતિયા અંધત્વમુક્ત ગુજરાત ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## ૨૦૦ દિવસમાં શિક્ષણક્ષેત્રે ગુજરાતનું આગેકદમ

- બાળકોમાં સંસ્કાર સિંચનને પ્રાધાન્ય આપવા માટે શિક્ષણમાં ભગવદ્ ગીતાનો સમાવેશ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.
- નવી શિક્ષણનીતિના દિશાદર્શનના રોડમેપ અને Student Startup and Innovation Policy ૨.૦નું લોન્ચિંગ થયું, જે અંતર્ગત સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર આ નીતિ અન્વયે આર્થિક સહાય આપે છે.
- ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા તેમજ ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવતા યુવાનોને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ આપવાનો નિર્ણય કરાયો, વાર્ષિક ૪.૫૦ લાખ આવક ધરાવતા રાજ્યના અનેક પરિવારના યુવાનોને આ યોજનાનો લાભ મળશે.
- રાજ્યની શાળાઓમાં માળખાકીય સગવડો અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે મિશન સ્કૂલ એક્સેલન્સ યોજનાનો સુદૃઢ અમલ કરવામાં આવ્યો.
- રાજ્યની યુનિવર્સિટીઓને વૈશ્વિક કક્ષાની બનાવવા માટે આગામી ૪ વર્ષનો પરિણામલક્ષી રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે.
- આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ગુજરાતના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ નિવાસી ધોરણે આપવા માટે ૫૦ જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી એક લાખ વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.
- પાંચ લાખ યુવાનોના કૌશલ્યનિર્માણ માટે કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

## જળ વ્યવસ્થાપન

- નલ સે જલ કાર્યક્રમમાં ૯૩ ટકા કામગીરી પૂર્ણ. સપ્ટેમ્બર -૨૦૨૨ સુધીમાં રાજ્યમાં ૧૦૦ ટકા નલ સે જલ પૂરું પાડવાનું લક્ષ્ય.
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદૃઢ કરવા માટે નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટર બલ્ક પાઈપલાઈનના કામ માટે બજેટમાં રૂપિયા ૩૧૦ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.
- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઈ સુવિધાઓના આયોજન માટે રૂપિયા ૪૩૬૯ કરોડની યોજનાને મંજૂરી આપી છે.
- રાજ્યની જળસંગ્રહક્ષમતા વધારવા માટે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના પાંચમા તબક્કાની શરૂઆત કરવામાં આવી છે, જેમાં **૨૫ માનવ દિન રોજગારી**નું સર્જન અને ૧૫ હજાર લાખ ઘન ફૂટ સંગ્રહક્ષમતામાં વધારો થવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- ધરોઈ બંધ પરિક્ષેત્રને વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળ અને યાત્રાધામ તરીકે વિકસાવવા માટે **૨૦૦ કરોડ રૂપિયા**ના ખર્ચે આયોજન.

## ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રસરતા

- ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો અને બેટરીના મેન્યુફેક્ચરિંગ માટે જાપાનની પ્રમુખ ઓટોમોબાઈલ કંપની સુઝુકી મોટર્સ કોર્પોરેશન (SMC)એ ગુજરાત સરકાર સાથે MoU સાઈન કર્યા. આ માટે સુઝુકી ગુજરાતમાં **રૂ.૧૦,૪૦૦ કરોડ**નાં રોકાણો કરશે.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-VGGS પૂર્વે પ્રિ-વાયબ્રન્ટ ઈવેન્ટ રૂપે MOUની દર સોમવારે યોજાતી શૃંખલાની છઠ્ઠી કડી પૂર્ણ. દર સોમવારે યોજાતી શ્રૃંખલામાં છઠ્ઠી કડીમાં ૩૯ MoU સાથે કુલ ૧૩૫ MOU થયા.
- ગુજરાતને નેટ ઝીરો કાર્બન ફ્રી બનાવવાના હેતુ સાથે ગ્રીન એનર્જી ક્ષેત્રમાં ૫ લાખ કરોડથી વધુના રિલાયન્સ ઈન્ડસ્ટ્રી સાથે



એમ.ઓ.યુ. થયા, જે અંદાજિત **૧૦ લાખ રોજગારીનું સર્જન કરશે.**

- ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ અને Posco-અદાણી કોલોબરેશન વચ્ચે ગાંધીનગરમાં ૫ બિલિયન ડોલર સુધીના રોકાણના MOU સંપન્ન થયા. ગુજરાતના મુન્દ્રામાં પર્યાવરણ-મૈત્રીપૂર્ણ એકીકૃત સ્ટીલ મિલની સ્થાપના તેમજ અન્ય વ્યવસાયોમાં વ્યાપક તકોનું નિર્માણ થશે.
- વાયબ્રન્ટ ઇન્ડસ્ટ્રિયલ પાર્કે એક ઔદ્યોગિક પાર્ક સ્થાપિત કરવા માટે **રૂ.૪૫૦૦ કરોડ**ના એમઓયુ સાઇન કર્યા છે, જ્યાં કેમિકલ, ફાર્માસ્યુટિકલ, પેપર, ટેક્સટાઇલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ૩૫૦ ઔદ્યોગિક એકમો સ્થપાશે અને નવી રોજગારી તકોનું સર્જન થશે.
- ડિફેન્સ રીચર્સ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચે સેન્ટર ઓફ એક્સેલન્સ માટે **રૂ. ૧૦૦ કરોડ**ના એમઓયુ કરવામાં આવ્યા છે.
- ગુજરાતની તમામ સરકારી શાળાઓને ERP સોલ્યુશન પૂરા પાડવા માટે પપ્પાયા લાઇટ (Pappaya LITE) એ ગુજરાત સરકાર સાથે MoU સાઇન કર્યા છે. પપ્પાયા લાઇટનો ઉદ્દેશ કાગળ પરની નિર્ભરતા અને લાંબી વ્યવસ્થાપન પ્રક્રિયાઓ પરની નિર્ભરતા ઘટાડીને ગુજરાતમાં તમામ સરકારી શાળાઓને ડિજિટલ શાળાઓમાં રૂપાંતરિત કરવાનો છે.
- બિઝનેસ પ્રોસેસ મેનેજમેન્ટ ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય કંપની QX ગ્લોબલ ગ્રુપ લિમિટેડ અને રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ વચ્ચે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં MoU. સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ અંગેના Mouથી રાજ્યમાં IT ક્ષેત્રે ૨,૦૦૦ જેટલી રોજગારીનું સર્જન થશે.
- રાજ્યમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સની સ્થાપના માટે ગુજરાત સરકારે કૌશલ્યવિકાસ મંત્રાલય અને TATA IIS સાથે MoU સાઇન કર્યા. ગુજરાતની સ્કીલ ઇકોસિસ્ટમને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવશે.
- અભ્યાસક્રમો તૈયાર કરવા, મૂલ્યાંકન, અધ્યાપન અને અધ્યયન સંસાધનો અને શિક્ષકોની તાલીમ વગેરે માટેના સહયોગને સક્ષમ બનાવવા ગુજરાતે કેમ્બ્રિજ સાથે મિશન સ્કૂલ ઑફ એક્સેલન્સ માટે એમઓયુ સાઇન કર્યા.
- ગુજરાતમાં એગ્રી બેઝ બિઝનેસના વિસ્તાર માટે અંદાજે **રૂ. ૨૩૫૯ કરોડ**ના એગ્રી બિઝનેસ સ્પેસ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે.

**મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રીના પ્રજાલક્ષી કાર્યક્રમો**

- સુશાસન સપ્તાહ દરમિયાન **રૂ. ૯૭૮.૫૮ કરોડ**ના ૨૦,૧૯૦ જનહિતલક્ષી કામોનાં ખાતમુહૂર્ત અને **રૂ. ૬૬૩.૧૦ કરોડ**નાં ૨૨,૪૯૦ કામોનાં લોકાર્પણ કરવામાં આવ્યાં. ૨.૭૦ લાખથી વધુ લોકોને સરકારી લાભો એનાયત કરવામાં આવ્યા.
- સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત સાત તબક્કામાં ૨.૪૬ કરોડ કરતાં વધુ અરજીઓ પૈકી ૯૯.૮૭ ટકા અરજીઓનો સ્થળ ઉપર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.
- 'આત્મનિર્ભર ગ્રામયાત્રા'' યોજીને માત્ર ત્રણ જ દિવસમાં **રૂ. ૧૫૦૦ કરોડ** ઉપરાંતના ખર્ચે ૪૩,૦૦૦ જેટલાં ગ્રામવિકાસનાં કાર્યો કરીને ગ્રામજનોના સર્વાંગી વિકાસ માટે સઘન કાર્ય કરવામાં આવ્યું.
- મહેસૂલ મેળાઓ યોજીને રાજ્યના નાગરિકોને મહેસૂલી સેવાઓના લાભો ઘરઆંગણે સત્વરે મળી રહે તેમજ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થાય તે માટે આયોજન કર્યું. નામ કમી કરવુ, નવું ઉમેરવું, સર્વે, નવી એન્ટ્રી તેમજ રિ-સર્વે સહિતના પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવાની શરૂઆત કરવામાં આવી છે.
- ગરીબ કલ્યાણ મેળા દ્વારા, ગરીબને તેનો હક સીધો તેના હાથમાં આપ્યો. ગરીબ કલ્યાણ મેળાની ૧૨મી શ્રૃંખલામાં ૧૭,૩૦,૬૫૩ લાભાર્થીઓને **રૂ.૭૬૧૦.૫૮ કરોડ**ની કુલ સહાય સ્થળ પર જ ચૂકવવામાં આવી.
- આપણું ગામ, આપણું ગૌરવ - ગુજરાત પંચાયત મહા સંમેલનનું આયોજન થયું, જેમાં સમગ્ર રાજયના પંચાયતના



પ્રતિનિધિઓને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૩ સુધીમાં ગામડાંઓને સમૃદ્ધ અને સમર્થ બનાવવા ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

**મૃદુ પણ મક્કમ મુખ્યમંત્રીશ્રીના જનહિતલક્ષી નિર્ણયો**

- ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું ૨ લાખ ૪૪ હજાર કરોડનું આ બજેટ પ્રસ્તુત થયું. પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં સૂર પુરાવતું **૧૭ હજાર કરોડ**ના વધારા સાથે અને કોઈ જ નવા કરવેરા વિનાનું પુરાંતવાળું આ બજેટ રજૂ થયું.
- 'નમો વડ વન' અન્વયે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૭૫ વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં ૭૫ વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ કરશે.
- રાજ્યના જાહેર સ્થળો ઉપરના લખાણને ફરજિયાત ગુજરાતી ભાષામાં લખવાનો મહત્ત્વપૂર્ણ અને પારદર્શક નિર્ણય.
- રાજ્યનાં ૪ હજાર ગામોમાં મફત વાઈ ફાઈ સુવિધા પૂરી પાડવામાં આવશે. આ માટે **૭૧ કરોડ રૂપિયા**ની બજેટ ફાળવણી કરી છે.
- લોકોના પ્રશ્નો સરકારના વિવિધ વિભાગો વચ્ચે અટવાય નહિ તે માટે સરકારના તમામ વિભાગ વચ્ચે સુચારુ સંકલન માટે ઈ-સરકાર પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે.
- યુક્રેનમાં અભ્યાસ માટે ગયેલા વિદ્યાર્થીઓને ઓપરેશન ગંગા અન્વયે ભારત પરત લાવવામાં આવતાં મુંબઈ અને દિલ્હી હવાઈ મથકેથી ગુજરાતમાં તેમના નિવાસ સ્થાને પહોંચાડવા માટેની સુદૃઢ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા કરવામાં આવી.
- નાગરિકોને બિનખેતીના હુકમ બાદ પ્રોપર્ટી કાર્ડ ઓટો જનરેશનથી આપવાનો સહૃદયી નિર્ણય.
- લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩-એની મંજૂરીની પ્રક્રિયાઓ ઓનલાઈન કરીને વધુ પારદર્શક બનાવાઈ.
- ગણોતધારા કલમ એમ-૩૨ અંતર્ગત ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદતમાં ત્રણ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.
- રાજ્યના નવયુવાનોને સુરક્ષા સેવા ક્ષેત્રમાં જોડવા માટેની સુવર્ણતક ઊભી કરવામાં આવી છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટરના વિવિધ સંવર્ગોની ૧૩૮૨ જેટલી જગાઓ ઉપર ભરતી કરવા માટે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું છે.
- રાજ્યના સુરક્ષા કર્મીઓને ટેક્નિકલ બાબતોના ઉપયોગથી વધુ સુસજ્જ કરવા માટે ટેકનિકલ ભરતી બોર્ડનું ગઠન કરવામાં આવ્યું.
- રેપીડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઈલ ડ્રગ ટેસ્ટીંગ એનલાઇઝરની ખરીદી તેમજ સીરોલોજિકલ પદ્ધતિના બદલે લુપ મેડિએટ આઈસોથર્મલ એપ્લીફિકેશન સિસ્ટમનાં સાધનોની ખરીદી માટે બજેટમાં ૨ કરોડ રૂપિયાની જોગવાઈ.

**દેશભરમાં ગુજરાતે ચાતર્યો નવતર ચીલો**

- ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે પ્રસિદ્ધ કરેલા લોજિસ્ટિક્સ ઇઝ એક્રોસ ધ સ્ટેટ (LEADS) - ૨૦૨૧ માં ગુજરાત પ્રથમ છે.
- નીતિ આયોગે જાહેર કરેલા એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઇન્ડેક્ષ-૨૦૨૧માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે. ગુજરાતે આ રેન્કિંગમાં સતત બીજી વખત તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમાંક સાથે ફરી એકવાર ઉચ્ચ ગુણવત્તાની સપ્લાય ચેઇન અને ઓછા ખર્ચે લોજિસ્ટિક્સની પોતાની આગવી ક્ષમતાઓ પુરવાર કરીને આ ગૌરવસિદ્ધિ મેળવી છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર એક્સપોર્ટ કોમ્પિટેટિવનેસ ઇન્ડેક્સ – ૨૦૨૦ મુજબ નિકાસ ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત નંબર એક પર છે.
- નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ નાણાકીય વ્યવસ્થાપનના માપદંડોમાં ગુજરાત દેશમાં સર્વ પ્રથમ છે.
- ભારત સરકારના ડી.એ.આર. પી.જી દ્વારા જાહેર કરવામાં આવેલ ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સમાં ગુજરાત દેશમાં સર્વ પ્રથમ છે.





**ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં હિંમતનગર તાલુકા-શહેર સંગઠન દ્વારા 'પ્રાથમિક સભ્ય મહાકુંભ' કાર્યક્રમ યોજાયો**

# આપણને જનતાનો જે વિશ્વાસ મળ્યો છે તેને હંમેશા જાળવી રાખવાનું કામ આપણા બધાનું છે - શ્રી સી. આર. પાટીલ

ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં હિંમતનગર તાલુકા-શહેર સંગઠન દ્વારા 'પ્રાથમિક સભ્ય મહાકુંભ' કાર્યક્રમ યોજાયો.

શ્રી સી.આર.પાટીલે સંબોધનમાં જણાવ્યું કે, આજે ભારતીય જનતા પાર્ટીનો **૪૨મો સ્થાપના દિવસ** છે. આપણા માટે સોનેરી દિવસ છે. **૪૧** જિલ્લાઓમાં સક્રિય સભ્યોની એક વર્ચ્યુઅલ મીટિંગ થઈ અને આશરે **૧ લાખ ૨૯ હજાર ૯૦** સક્રિય કાર્યકર્તાઓને કાર્ડ વિતરણ કાર્યક્રમ થયો અને દરેક જિલ્લાઓમાં મોટી સંખ્યામાં હાજરી હતી તે કાર્યકરોનો ઉત્સાહ દર્શાવે છે. આપણી પેજ કમિટીની શરૂઆત થઈ છે. પેજ પછી પ્રાથમિક સદસ્યો આવે છે અને જે વ્યક્તિ ઓછામાં ઓછા ૨૫ પ્રાથમિક સદસ્યો બનાવે તે જ સક્રિય સભ્ય બની શકે છે. એટલા માટે ત્રીજા સ્ટેપમાં ૨૫થી વધુ સક્રિય સદસ્ય બનાવ્યા છે. ૨૫થી વધુ એટલે કે ૧૦ હજાર, ૧૫ હજાર સુધીના સક્રિય સદસ્યતા બનાવવાવાળા કાર્યકર્તાઓ છે, તેમને જ્યારે આ કાર્ડ વિતરણનો કાર્યક્રમ હોય એટલે કાર્યકરોમાં ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે.

શ્રી સી.આર.પાટીલે વધુમાં જણાવ્યું કે, સક્રિય સદસ્ય બનવું તે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા માટે ગૌરવનો વિષય છે. એક આનંદનો વિષય છે અને એક જવાબદારીનો વિષય છે. ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર્તા આ જવાબદારી નિભાવવા માટે હંમેશાં તત્પર હોય છે. કાર્યકર્તા જાણે છે કે ભારતીય જનતા પાર્ટીએ પાર્ટી વિથ ડિફરન્સ કહેવાય છે. આનું કારણ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો છે કે જેમણે પોતાના જીવનમાં આવતા કોઈ પણ શુભ પ્રસંગ હોય કે જન્મદિવસની ઉજવણી કરતી વખતે એ પોતાને સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડે છે. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર સતત સક્રિય હોય છે. કોઈને પણ મદદ કરવા હંમેશા ખડે પગે હાજર હોય છે અને જરૂરિયાતમંદ વ્યક્તિને મદદ કરવા આગળ આવતો હોય છે. આવી સેવાકીય પ્રવૃત્તિ ધરાવતા કાર્યકરોને કારણે જનતામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પ્રત્યે માન અને સન્માન છે. આપણને જનતાનો જે વિશ્વાસ મળ્યો છે તેને હંમેશા જાળવી રાખવાનું કામ આપણા બધાનું છે.

શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું કે,આજે સમગ્ર દેશમાં આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ અને સેવાથી દેશને એક તાંતણે બાંધવાનું ભગીરથ કામ શરૂ કર્યું છે. ભારતીય જનતા પાર્ટીમાં તમામ કાર્યકરો એક થઈ કામ કરે છે તેનું શ્રેય આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીને છે. યુ.પી અને બિહારની અંદર છેલ્લી બે ચૂંટણીમાં જ્ઞાતિસમીકરણોને તોડીને ભારતીય જનતા પાર્ટીના વિકાસનાં કામો પર ભરોસો રાખ્યો છે. જનતાનો જે ભરોસો છે તેને જાળવી રાખવા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દિવસ-રાત સખત પરિશ્રમ કરે છે.

શ્રી સી. આર. પાટીલે વધુમાં જણાવ્યું કે, એક સમય એવો હતો કે રાજકીય પક્ષો એમ કહેતા કે **વિકાસના નામે કયારેય ચૂંટણીમાં જીત ન મળે એટલે કોંગ્રેસે ક્યારેય વિકાસની વાત નથી કરી. ક્યારેય કોંગ્રેસે વિકાસના નામે મત માંગ્યા નથી. જ્ઞાતિના આધારે ભાગલા પાડીને મત મેળવતા પરંતુ આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દૃષ્ટિકોણ ગુજરાતથી બદલ્યો અને વિકાસની રાજનીતિ શરૂ કરી અને દેશ અને રાજ્યનો**




**જે રીતે વિકાસ કરી રહ્યા છે તેનાથી જનતાને ઘણા લાભો થયા છે અને લોકો વિકાસના આધારે હવે મતદાન કરતા થયા.** ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે રીતે વિકાસ કર્યો છે તે જોઈ પાર્ટીએ તેમને વડાપ્રધાન તરીકે રજૂ કર્યા ત્યારે આખા દેશે તેમની સાથે જોડાઈ સંપૂર્ણ બહુમતી આપી દેશના વડાપ્રધાન તરીકેનું સુકાન સોંપ્યું. આપણા દેશમાં ભારતીય જનતા પાર્ટીના **૧૩૦૦થી** પણ વધુ ધારાસભ્યો છે, ૪૦૦થી વધુ સંસદ સભ્યો છે. આજે કોંગ્રેસની હાલત કફોડી બની છે કોંગ્રેસ એક ટાઈટેનિક જહાજ હતું. લોકો કહેતા કે આ જહાજ કયારેય ડૂબે નહીં, પરંતુ આ જહાજ ડૂબી ગયું છે. અને કોંગ્રેસે પોતાના ડૂબતા જહાજને રોકવાનો પ્રયાસ પણ છોડી દીધો છે. દેશના લોકોએ હવે કોંગ્રેસને જળસમાધિ આપવાનું નક્કી કરી લીધું છે. હવે તો ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારની ડિપોઝિટ પણ જાય તેવી સ્થિતિ થઈ છે. આપણા પર ગુજરાતની જનતાએ જે વિશ્વાસ રાખ્યો છે તેને જાળવી રાખવા તનતોડ મહેનત કરવી પડશે, કેમ કે કોંગ્રેસના વિકલ્પ તરીકે નહીં પણ ભાજપના કાર્યકરો પર લોકો જે વિશ્વાસ રાખે છે તેને જાળવી રાખવા સખત પરિશ્રમ કરવો પડશે. ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર એ રાજકીય પાર્ટીનો કાર્યકર્તા છે અને **કાર્યકર જ્યારે ચૂંટણી લડે છે ત્યારે પૂરી તાકાતથી જીત માટે લડે છે** અને ચૂંટણી જીતી સત્તા પ્રાપ્ત કરે છે અને સત્તા પ્રાપ્ત કરી ભાજપનો કાર્યકર દેશની સેવા માટે સત્તાનો ઉપયોગ કરે છે.

શ્રી સી.આર.પાટીલે વધુમાં જણાવ્યું કે, અન્ય રાજકીય પાર્ટીના કાર્યકરો સત્તા પ્રાપ્ત કર્યા પછી લોકોને ભૂલી જતા હતા. પરંતુ **ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર ચૂંટણી જીતી જનતાને કામનો હિસાબ આપે છે.** ભારતીય જનતા પાર્ટી એ એવી પાર્ટી છે કે જે મેનિફેસ્ટોમાં આપેલાં વચનોને પૂર્ણ કરે છે અને તેનો હિસાબ આપે છે. મેનિફેસ્ટોમાં આપેલાં વચનો કરતાં વધુ વચનો પૂર્ણ કરી લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરે છે. પહેલાં આપણા મેનિફેસ્ટોમાં **રામમંદિરનું નિર્માણ કરવું, કલમ ૩૭૦ અને ૩૫એ ની કલમ રદ કરીશું તે જણાવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોને પણ આ કામ પૂર્ણ થશે કે નહી તે અંગે શંકા હતી પરંતુ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા પછી તરત જ આપેલાં વચનો પૂર્ણ કરવાની દિશામાં કામ શરૂ કર્યું. કોર્ટ દ્વારા રામમંદિર બનાવવાનો હુકમ થયો અને ખૂબ ધીરજથી કામ કર્યું પરંતુ જો કોંગ્રેસ હોત તો સુપ્રીમ કોર્ટના ઓર્ડર પછી બે કોમ વચ્ચે ઝઘડો કરાવ્યો હોત અને મંદિરનું નિર્માણ પાછું ઠેલ્યું હોત. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ જ્ઞાતિના નેતાઓને ભેગા કર્યા. તેમની સાથે ચર્ચા કરી તેમને વિશ્વાસમાં લીધા અને ત્યાર પછી રામમંદિરનું નિર્માણ શરૂ કર્યું અને ૨૦૨૪ સુધીમાં રામમંદિરનું નિર્માણ પૂર્ણ થવાનું છે.** દેશના લોકોની અપેક્ષા હતી કે દેશમાં અયોધ્યામાં શાંતિથી રામમંદિરનું નિર્માણ થાય તેને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખૂબ સરસ રીતે પુર્ણ કર્યું.

શ્રી સી.આર.પાટીલે વધુમાં જણાવ્યું કે, **કોંગ્રેસના કેટલાક આગેવાનો કહેતા ૩૭૦ અને ૩૫એ કલમ કો છૂના મત, ખૂન કી નદિયાં બહેગી. આ કલમને દૂર કરવાનું બીડું આપણા દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ઉપાડયું અને એક જ દિવસમાં રાજયસભા અને લોકસભામાં સંપૂર્ણ બહુમતી સાથે આ બીલને મંજૂર કરાવ્યું. 'ખૂન કી નદિયાં તો બહુત દૂર કી બાત હૈ ખૂન કી એક બુંદ ભી નહીં ગીરી, એક ગોલી ભી નહીં ચલી' અને સંપૂર્ણ શાંતિથી કામ પૂર્ણ થયું એ એટલા માટે થયું કેમ કે જમ્મુ કાશ્મીરના લોકો ઈચ્છતા હતા કે કલમ ૩૭૦ અને ૩૫એ દૂર થાય અને અખંડ ભારત સાથે તેઓ જોડાય. જમ્મુ કાશ્મીરના લોકોની ઈચ્છા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે પૂર્ણ કરી.**

શ્રી સી.આર.પાટીલે વધુમાં જણાવ્યું કે, આજે સ્થાપના દિને જ્યારે આપણે મળ્યા છીએ ત્યારે સંકલ્પ કરીએ કે આપણા જિલ્લામાં કે વિસ્તારમાં કોઈ પણ કુપોષિત બાળક હોય તે બાળકને દત્તક લઈ ત્રણ મહિનામાં કુપોષણથી બહાર લાવી સુપોષિત કરીએ. આ કામ દરેક જિલ્લામાં શરૂ થયું છે તે કામમાં દરેક કાર્યકર સહભાગી બને. **આપણે સંકલ્પ કરીએ કે આવનાર ત્રણ મહિનામાં ગુજરાતમાં એક પણ કુપોષિત બાળક ન રહે.** અંતમાં શ્રી સી.આર.પાટીલે સાબરકાંઠા જિલ્લામાં મહિલા મોરચા દ્વારા ૭૦૦ બાળકોને દત્તક લેવામાં આવ્યાં છે તે બદલ અભિનંદન પાઠવ્યાં.





# વિકસિત ગુજરાતને અમૃતકાળ તરફ આગળ ધપાવતું બજેટ

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ નાણા વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની માંગણીઓ પર જવાબ આપતાં કહ્યું કે, વિકસિત ગુજરાતને અમૃતકાળ તરફ આગળ ધપાવતું આ બજેટ છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુદઢ - સુઆયોજિત નાણાકીય આયોજન, કુનેહભર્યો વહિવટ, પ્રમાણિકતા અને સતત મહેનતને કારણે ગુજરાતે વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગુજરાતે છેલ્લા બે દાયકામાં એક પણ વાર ઓવર ડ્રાફ્ટ લીધો નથી. આમ, ગુજરાતે કુનેહભરી નાણાકીય નીતિ થકી રાજ્યનો ઊંચો વિકાસદર જાળવી દેવાની ક્ષમતા પણ જાળવી રાખી છે.

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સ્વર્ણિમ ગુજરાત બનાવવા સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રોને આવરી લેતી યોજનાઓનો આ બજેટમાં સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરતું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું રૂા. **૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડનું અંદાજપત્ર** રજૂ કર્યું છે. આ અંદાજપત્ર **રૂા. ૬૬૮.૦૯ કરોડ**ની એકંદર પુરાંત તેમજ રૂા. **૧૦૦૫.૮૬ કરોડ**ની મહેસૂલી પુરાંત દર્શાવે છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, નીતિ આયોગના એક્ષપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ-૨૦૨૧માં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ગુજરાતને **૨૮.૭૬**નો સૌથી વધુ માનાંક પ્રાપ્ત થયેલ છે. ગુજરાતે સતત બીજીવાર આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧-૨૨માં USD ૪૦૦ બિલિયનની નિકાસ હાંસલ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, જે ભારતે ૨૩મી માર્ચ-૨૦૨૨ના રોજ હાંસલ કર્યો છે. આ સિદ્ધિમાં ગુજરાતનો ફાળો સૌથી વધુ એટલે કે દેશની નિકાસમાં ગુજરાતનો ફાળો ૨૫ ટકાથી વધુનો રહ્યો છે. ગુજરાતે USD **૧૦૧.૨ બિલિયન** સુધીનો ફાળો દેશની કુલ નિકાસમાં જાન્યુઆરી-૨૦૨૨ સુધીનો આપ્યો છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વધુમાં જણાવ્યું કે, ગુજરાત દેશની કુલ વસ્તીનો **૪.૯૯ ટકા** હિસ્સો ધરાવે છે, પરંતુ દેશના ઘરગથ્થુ ઉત્પાદનમાં રાજ્યનો હિસ્સો **૮.૩૬ ટકા** છે. સુયોજિત પરિવહન માળખાને કારણે માલસામાનની સરળતાથી હેરફેર અંગેના કેન્દ્ર સરકારના લોજિસ્ટિક ઈન્ડેક્ષ (LEADS)માં ગુજરાત સતત ત્રીજા વર્ષે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવેલ છે. દેશની સરેરાશ માથાદીઠ વીજ વપરાશ **૧,૧૮૧ યુનિટ** સામે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ **૨૧૪૩ યુનિટ** છે. વર્ષ ૨૦૧૮-૧૯માં દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત **૧૭.૪૪ ટકા** હિસ્સા સાથે દેશનાં મોટાં રાજ્યોમાં અગ્ર સ્થાન ધરાવે છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વધુમાં કહ્યું કે, દેશના કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો **૭.૭ ટકા** છે. દેશની બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રે કુલ સ્થાપિત ક્ષમતાનો **૧૨.૦૯ ટકા** હિસ્સો ગુજરાત ધરાવે છે. ફૂડ સેફ્ટી ઈન્ડેક્ષ ૨૦૨૦-૨૧ મુજબ **૭૨ પોઈન્ટ** સાથે ગુજરાત દેશનું શ્રેષ્ઠ રાજ્ય રહ્યું છે. દેશમાં કુલ મગફળી ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો **૪૭ ટકા** છે. સમગ્ર દેશમાં સોલર રૂફ ટોપ વીજ ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. વધુમાં રહેણાંક સોલર રૂફ ટોપ વીજ ઉત્પાદનમાં ગુજરાત આખા દેશની કુલ વીજ સ્થાપિત ક્ષમતાના **૮૨ ટકા** સાથે પ્રથમ છે.

મંત્રી શ્રી દેસાઈએ વધુમાં કહ્યું કે, વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજો **રૂા. ૨,૪૩,૯૬૪.૭૩ કરોડ**ના અંદાજવામાં આવ્યા છે, જે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજો **રૂા. ૨,૨૭,૦૨૮.૭૮ કરોડ**ની સામે રૂા. ૧૬૯૩૫.૯૫ કરોડનો વધારો દર્શાવે છે, જે **૭.૪૬%** નો વધારો સૂચવે છે.

મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ નાણા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી અગત્યની કામગીરી અંગે વિગતો રજૂ કરતાં કહ્યું કે, નાણા વિભાગ હસ્તકના રાજ્યવેરા વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષના કાયદાની



અસરકારક અમલવારી થઈ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર ભારતમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષનો કાયદો તા. ૦૧-૦૭-૨૦૧૭થી અમલમાં લાવ્યા હતા. આ કાયદાથી સમગ્ર ભારતમાં **"વન નેશન વન ટેક્સ"**નો સિદ્ધાંત અમલી બન્યો છે. સમગ્ર ભારતમાં કોઈ ચીજવસ્તુ કે કોઈ સેવા માટે એક સરખો વેરાનો દર લાગુ પડ્યો છે. આનાથી રાજ્યો રાજ્યો વચ્ચે થતી બિનજરૂરી હરીફાઈનો અંત આવ્યો છે.

વેપારી દ્વારા અન્ય રાજ્યમાંથી થતી ખરીદીની વેરાશાખ અગાઉ જીએસટી કાયદાની અમલવારી પહેલાં વેપારીને મળતી નહોતી જેના લીધે વેરાનું ભારણ વધારે આવતું હતું. પરંતુ જીએસટી કાયદો અમલમાં આવવાથી અન્ય રાજ્યમાંથી થયેલી ખરીદીને વેરાશાખની આંતરરાજ્ય તબદીલી સરળ અને શકય બની છે, જેને લીધે વેરાનું ભારણ ઘટયું છે અને રાજ્યના નાગરિકોને સીધો લાભ થયો છે.

ગુજરાત રાજ્યમાં વેપાર કરવો સરળ બને તે હેતુથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના સિદ્ધાંતને પરિપૂર્ણ કરવા ગુજરાતે હંમેશા પહેલ કરી ફેસલેસ અને પારદર્શક સેવાઓ શરૂ કરી છે. રાજ્યવેરા વિભાગ હેઠળ નવી નોંધણી, નોંધણીમાં સુધારા-વધારા, રીફંડ માટેની અરજી, માસિક કે વાર્ષિક પત્રકો ભરવા જેવી તમામ કામગીરી ઓનલાઈન - ફેસલેસ કાર્યરત છે.

મંત્રીશ્રીએ ગૌરવ સાથે કહ્યું કે, ગુજરાતના વેપારીઓ પત્રકો ભરવામાં ખૂબ નિયમિત છે અને તેથી જ મોટા રાજ્યમાં ગુજરાત રીટર્ન ફાઈલીંગમાં જીએસટી કાયદાની અમલવારીના સમયથી જ પ્રથમ ક્રમે રહેતું આવ્યું છે. GST હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં એપ્રિલ- ૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ સુધી **૫૬,૫૪,૯૯૪** GSTR-3B પત્રક ભરવામાં આવ્યા છે. તેવી જ રીતે ઈ-વે બીલ જનરેટ કરવામાં પણ ગુજરાત સતત બીજા સ્થાને રહેતુ આવ્યું છે. એ જ પ્રમાણે ઈ-વે બીલ ચકાસણીમાં પણ ગુજરાત બીજા ક્રમે છે. ગુજરાત GST હેઠળ નોંધાયેલ વેપારીઓની સંખ્યાની દૃષ્ટિએ સમગ્ર ભારતમાં ત્રીજા ક્રમે રહ્યું છે.

ગુજરાત કોરાના મહામારીની અસરોમાંથી ખૂબ ઝડપે બહાર આવી રહ્યું છે. રાજ્યને થતી વેરાકીય આવકમાં થયેલો વધારો તેનો સબળ પુરાવો છે તેમ જણાવતાં મંત્રીશ્રી દેસાઈએ જણાવ્યું કે, ચાલુ વર્ષે ફેબ્રુઆરી – ૨૦૨૨ સુધીમાં જીએસટીની આવક, વેટની આવક અને મળવાપાત્ર વળતર મળીને વેરાની કુલ **રૂ. ૭૧,૫૯૦.૨૬ કરોડ**ની આવક થઈ છે જે ગત વર્ષની આ જ સમયગાળાની આવક **રૂ. ૫૫,૫૬૪.૨૩ કરોડ** સામે ૨૯% વધુ છે. જે પૈકી GST આવક પેટે ફેબ્રુઆરી – ૨૦૨૨ સુધીમાં **રૂ. ૩૮,૫૬૨.૮૬ કરોડ**ની આવક થયેલ છે જે ગત વર્ષની આ જ સમયગાળાની આવક **રૂ. ૨૮,૮૬૪.૪૨ કરોડ** સામે ૩૪% વધુ છે.

મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના નાગરિકોને દિવાળીની ભેટ આપીને પેટ્રોલ પરનો વેરાનો દર **૨૦.૧%** થી ઘટાડીને **૧૩.૭%** કરવામાં આવ્યો અને ડીઝલ પર વેરાનો દર **૨૦.૨%**થી ઘટાડીને **૧૪.૯%** કરવામાં આવ્યો, જેનાથી ગુજરાત રાજ્યના નાગરિકોને પ્રતિ માસ **રૂ.૫૦૦ કરોડ**થી વધુની વેરાકીય રાહત મળી છે. તેવી જ રીતે જાન્યુઆરી માસમાં એવીએશન ટર્બાઈન ફ્યુલ (એ.ટી.એફ.) પર વેરાનો દર **૨૫%થી ઘટાડીને ૫%** કરવામાં આવ્યો જેનાથી આ સેકટરને **વાર્ષિક રૂ.૧૬૫ કરોડ**થી વધુ વેરાકીય રાહત મળી છે. જેનો સીધો લાભ રાજ્યની પ્રજાને મળશે. જ્યારે રાજ્યની અંદર હવાઈ મુસાફરી સેવાઓને પ્રોત્સાહન આપવા માટે રીજનલ કનેક્ટિવિટી સ્કીમ / ઉડે દેશ કા આમ નાગરિક (UDAN) યોજના અન્વયે એરક્રાફ્ટ, હેલિકોપ્ટર, સી-પ્લેનમાં વપરાતા એવીએશન ટર્બાઈન ફ્યુલ (એ.ટી.એફ.) પર વેરાનો દર ૧% અમલમાં છે.

રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ની સારવારમાં ઉપયોગી Oxygen concentrator, Oxygen generator, COVID-19 vaccine, Remdesivir Injection જેવી ચીજ વસ્તુઓની તા. ૩૧/૦૭/૨૦૨૧ સુધીની આયાત પર ભરવાપાત્ર આઈજીએસટીનું અપફ્રન્ટ પેમેન્ટ અથવા રીઈમ્બર્સમેન્ટ આપવાનું ઠરાવવામાં આવ્યુ. આ ઉપરાંત કેન્દ્ર સરકારે કોરોનાની સારવારમાં વપરાતી કેટલીક દવાઓ અને ચીજવસ્તુઓ ઉપર પણ ચોક્કસ સમયમર્યાદા માટે લાગુ પડતો **૧૨ ટકા, ૧૮ ટકા,** અને **૨૮ ટકા** વેરા ઘટાડીને **૫ ટકા** કરવામાં આવ્યો હતો.

કરચોરીને નિયંત્રિત કરવી એ રાજ્યવેરા વિભાગની ખૂબ અગત્યની કામગીરી છે તેમ જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યવેરા વિભાગની અન્વેષણ શાખા દ્વારા આ કામગીરી કરવામાં આવે છે. રાજ્ય કર વિભાગને મળેલ કરચોરી અંગેની ફરીયાદોની ચકાસણી ઓનલાઈન ભરેલ પત્રકો તેમજ ઈન્ટરનેટના માધ્યમનો ઉપયોગ કરી સંશોધનની કાર્યવાહી કરવામાં આવે છે. સંશોધનમાંથી મળેલ ઈનપુટના



આધારે જે કેસોમાં વિસંગતતા જણાય તેવા કેસોમાં અન્વેષણાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સરકારી વેરાની વસૂલાત માટે બેંક ટાંચ, સ્ટોક ટાંચ, મિલકત ટાંચ તેમજ આઈટીસી બ્લોકેજ અને તેને આનુષંગિક કાર્યવાહી તેમજ દંડનાત્મક કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે.

મંત્રી શ્રી દેસાઈએ કહ્યું કે, રાજ્યમાં ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૭ - પેટા તિજોરી કચેરીઓ, ૨ - પગાર અને હિસાબ કચેરીઓ, ૫ - પેન્શન ચુકવણા કચેરી, ૧- ઈ-પી. એ.ઓ. કચેરી, ૧ - વિભાગીય તિજોરી કચેરી છે. આ ૧૭૯ કચેરીઓ મારફત રાજ્યના ૪૧૯૪ ઉપાડ અને વહેંચણી અધિકારીઓ દ્વારા રાજ્ય સરકારની તિજોરીઓ, પગાર અને હિસાબ કચેરીઓના સંચાલન, રાજ્ય સરકારના હિસાબોને લગતી બાબતોનો સરકારી નાણાકીય વ્યવહાર હાથ ધરવામા આવે છે. તિજોરી કોમ્પ્યુટરાઈઝેશનને કારણે તિજોરી કચેરી ખાતેની તમામ કામગીરી સરળ, ઝડપી અને પારદર્શક બની છે.

Decision Support System (DSS) અને Management Information System (MIS)ના મોડ્યુલ અંતર્ગત આવક – ખર્ચ અંગે તત્કાલ માહિતી મળવાને કારણે રાજ્યભંડોળનું સુચારુ અને અસરકારક સંચાલન થઈ શકે છે.

સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપનના ભાગરૂપે અંદાજપત્રની તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવી છે. વિધાનસભામાં અંદાજપત્ર રજૂ થવાની સાથે જ નાણા વિભાગની વેબસાઈટ પર કર અને યોજનાકીય માહિતી ઓનલાઈન ઉપલબ્ધ થાય છે. રાજ્યના ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓને ઓનલાઇન ગ્રાન્ટની ફાળવણી થતાં ઉપાડ અધિકારીશ્રીઓ, ખાતાના વડાશ્રીઓ અને વિભાગને ખર્ચની પ્રગતિની રીયલ ટાઈમ માહિતી સરકારશ્રી કક્ષાએ રીપોર્ટિંગ કરવામાં સરળતા રહે છે. પગાર, પેન્શન તથા સરકારી દાવાઓના ચુકવણાં ઈ-પેમેન્ટથી સીધા લાભાર્થીના ખાતામાં જમા થાય છે.

રાજ્ય સરકારનાં તમામ ભરણાં ઓનલાઇન કરવાના લક્ષ્ય અન્વયે ૨૨ ખાતાંઓની આવકો ઓનલાઇન સ્વીકારવાની સુવિધા સાયબર ટ્રેઝરી મારફત ઉપલબ્ધ કરાવવામાં આવી છે..નાણા વિભાગ હસ્તક નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર દ્વારા અખિલ ભારતીય સેવાના અધિકારીઓ, નામદાર હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, જાહેર સેવા આયોગ અને સેવા ટ્રિબ્યુનલના સભ્યો, રાજ્ય સરકારના કર્મચારીઓ ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓના કર્મચારીઓ અને પંચાયતના કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષકોના પેન્શન કેસોની અધિકૃતિ ઈસ્યુ કરવાની કામગીરી કરવામાં આવે છે. પેન્શનની અધિકૃતિ, પેન્શન સુધારાની વિગતો તથા ચુકવણાં ઓનલાઇન ઉપલબ્ધ થતાં પેન્શન મેળવતા વરિષ્ઠ નાગરિકોને સુગમતા વધી છે. પેન્શન મેળવતા વરિષ્ટ નાગરિકો માસિક, ત્રિમાસિક, અર્ધ વાર્ષિક તથા વાર્ષિક પેન્શન ચુકવણાની વિગતો તેમજ મેડિકલ બીલોનું સ્ટેટસ પણ ઓનલાઇન જોઈ શકે છે.

રાજ્યના અંદાજિત **૪,૮૨,૬૨૦ પેન્શનરો**ને પેન્શનનું ચુકવણું તિજોરી કચેરીઓ દ્વારા ઈ-પેમેન્ટથી સમયસર પેન્શનરના બેન્ક ખાતામાં જ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં અંદાજે **રૂા.૧૮૫૦૦ કરોડ પેન્શન** પેટે ચૂકવવામાં આવ્યા છે.

પેન્શનરોને હાલાકી ન પડે તે માટે જે જિલ્લાઓમાં પેન્શનરોની સંખ્યા વધુ છે તેવા જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા અલગ પેન્શન ચુકવણા કચેરી શરૂ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત જિલ્લાઓમાં અલગ પેન્શન ચુકવણા કચેરી કાર્યરત છે. પેન્શનરો ઘરે બેઠાં હયાતીની ખરાઈ કરી શકે તે માટે ‘‘જીવન પ્રમાણ પોર્ટલ’’ની સુવિધા ઉપલબ્ધ છે.

મંત્રી શ્રી દેસાઈએ વધુમાં ઉમેર્યું કે, ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ કુલ ૩.૮૮ કરોડથી વધારે લાભાર્થીઓને આવરી લેવાયા છે. આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂત, અને ખાતેદાર ખેડૂતના પતિ/પત્ની તથા તેના તમામ સંતાન, અસંગઠિત શ્રમિકો, ગુજરાતના પ્રાથમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, વિધવા, વિકલાંગ, હિરાઘસુ કારીગરોનો સમાવેશ થાય છે.

જાહેર દેવા દ્વારા ઊભા કરવામાં આવેલ સંસાધનોનો ઉપયોગ રાજ્ય સરકાર દ્વારા વિકાસકાર્યો માટે કરવામાં આવે છે. રાજ્યનો ઊંચો વિકાસદર અને તે અન્વયે ઊંચું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન આ વાતની પુષ્ટિ કરે છે. રાજ્યનો અર્થતંત્રીય વિકાસ સાતત્યપૂર્ણ દરે વધી રહ્યો છે. ચાલુ ભાવે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (GSDP) નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં **રૂ. ૬,૧૫,૬૦૬ કરોડ** હતું તે વધીને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અગ્રિમ અંદાજ મુજબ **રૂ. ૧૯,૪૪,૧૦૭ કરોડ** અંદાજેલ છે.



# નહેરુ-કોંગ્રેસની નિષ્ફળ નીતિને કારણે કાશ્મીર સળગતું રહ્યું

### હિન્દુધર્મનું પૌરાણિક સ્થળ કાશ્મીર

કાશ્મીર જગતનું સ્વર્ગ જેવું તો છે જ પણ સાથે સાથે હિન્દુ લોકોનું આસ્થાનું કેન્દ્ર પણ છે. જમ્મુ-કાશ્મીરમાં જ બાબા અમરનાથ અને માતા વૈષ્ણોદેવી બિરાજમાન છે. સમુદ્રની સપાટીએથી ૫૦૦૦ ફૂટની ઊંચાઈ પર જ્યાં પરમ પાવન હિમાલય ગિરિશૃંગો આવેલાં છે તેમાં ઘેરાયેલી અત્યંત મનોરમ અને મનમોહક કાશ્મીર-ઘાટી કેવળ નૈસર્ગિક સૌંદર્ય માટે જ પ્રસિદ્ધ છે એટલું નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિના એક સમૃદ્ધ કેન્દ્રના સ્વરૂપમાં અત્યંત પ્રાચીનકાળથી પ્રસિદ્ધિ પામેલ છે. ભારતના દસ અવતારોમાંથી એક અવતાર જ્યાં થયો છે તેનું મૂળ સ્થાન - વરાહ મૂળ જે વર્તમાનમાં બારામુલ્લા તરીકે પ્રસિદ્ધ છે. મહર્ષિ કશ્યપે આ સ્થળે પર્વતમાળાઓને કોતરીને જલરાશિના વિકાસનો એક માર્ગ બનાવ્યો હતો. આ માર્ગનું નામ કશ્યપ માર્ગ પડ્યું જે આજે કાશ્મીર તરીકે સુવિખ્યાત છે. જ્ઞાત ઈતિહાસ અનુસાર મહાભારતકાળ અને એથી પૂર્વે પણ કાશ્મીર વૈદિક ધર્મથી ઓતપ્રોત રહ્યું હતું. કાલાન્તમાં શૈવમતનું તે પ્રમુખ કેન્દ્ર રહ્યું. દ્વાપરના અંતમાં રાજાના માર્યા જવાથી અને રાજકુમારની ઉંમર નાની હોવાથી ભગવાન શ્રીકૃષ્ણે પુરોહિતો દ્વારા યશોવતીનો રાજ્યાભિષેક જ્યાં કરાવ્યો હતો તે જ આ પાવનભૂમિ કાશ્મીર છે. આ એ જ ભૂમિ છે જ્યાં આદિ શંકરાચાર્યે તપશ્ચર્યા કરીને દિગ્વિજય યાત્રા કરી. આ એ જ ભૂમિ છે જ્યાં ભગવાન બુદ્ધનો ઉદાર મહાયાન મત ફૂલ્યો અને ફાલ્યો. આધ્યાત્મિક ઉચ્ચ શિખરો સર કરનારી અને તપસ્વીઓના તપના આરાધનાની તો એ તપોભૂમિ રહી પરંતુ સાથે સાથે વીર, શૂરવીર અને મહાપરાક્રમી શાસકોની પણ એ ભૂમિ રહી.

### નહેરુ-કોંગ્રેસ નીતિએ કાશ્મીરનું નખ્ખોદ કાઢી નાખ્યું

કાશ્મીરના રાજા હરિસિંહે ૨૬મી ઓક્ટોબર, ૧૯૪૭ના દિવસે પોતાના રાજ્યનું ભારતમાં વિલીનીકરણ કરવાના દસ્તાવેજ ઉપર કોઈ પણ જાતની શેહ વિના સહી કરી આપી હતી, તે જ દિવસે કાશ્મીરની સમસ્યાઓનું કાયમ માટે સમાધાન થઈ જવું જોઈતું હતું, પરંતુ તે સમયના વડાપ્રધાન જવાહરલાલ નહેરુની અણઆવડતભરી અણઘડ નીતિઓને કારણે કાશ્મીર સમસ્યા ઉકેલાઈ નહિ. કાશ્મીર ભડકે બળતું રહ્યું. પાકિસ્તાને જ્યારે કબાઈલીઓના વેશમાં કાશ્મીર પર આક્રમણ કર્યું ત્યારે ભારતીય સેના



હેમત ગોહિલ – જામનગર

તેને મારી હઠાવવા પૂરતી સજ્જ બની હતી, પરંતુ નહેરુએ લશ્કરના અભિયાનને રોકી, કાશ્મીરના આપણા આંતરિક પ્રશ્નને વગર કારણે યુનોમાં લઈ જઈ તેનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાની ભયંકર ભૂલ કરી નાંખી.

નહેરુની બીજી ભૂલ કટ્ટરવાદી નેતા શેખ અબ્દુલ્લાને કાશ્મીર રાજયના પ્રધાનમંત્રી નિયુક્ત કરવાની જીદ. તેમના હઠાગ્રહને કારણે જ શેખ અબ્દુલ્લા રાજયના પ્રધાનમંત્રી નિયુક્ત થયા. નહેરુની ત્રીજી ભયંકર ભૂલ એ છે કે તેમણે ધારા ૩૭૦ને બંધારણમાં દાખલ કરી નાંખી. નહેરુની ચોથી અને સૌથી મોટી ભૂલ એ કે તેમણે કાશ્મીર પ્રશ્ન સરદાર વલ્લભભાઈ પટેલને ન સોંપ્યો અને પોતાના હસ્તક રાખ્યો, જેનું પરિણામ સમગ્ર દેશવાસીઓએ ભોગવ્યું. સદ્‌નસીબે કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભાજપા સરકાર આવતા કલમ ૩૭૦ દૂર થઈ.

**કાશ્મીર માટે<br>રા. સ્વ. સંઘની જાગૃતિ**

રાષ્ટ્રના રાષ્ટ્રહિતનો પ્રશ્ન હોય અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સક્રિય હોય નહિ તેવું કદી બને નહિ. કાશ્મીર સમસ્યાના ઉકેલ માટે રા. સ્વ. સંઘ શરૂઆતથી જ સક્રિય રહેલ. દિનાંક ૨૦મી ઓકટોબર, ૧૯૪૭ના રોજ સરદાર વલલભભાઈ પટેલની પ્રેરણાથી જ તત્કાલીન સરસંઘચાલક પૂ. શ્રી ગુરુજીએ નરેશ હરિસિંહને સમજાવેલ કે કાશ્મીરનું અલગ અસ્તિત્વ બનાવી રાખવામાં પ્રજાનું હિત નથી. કાશમીરનું ભારતમાં વિલીનીકરણ થઈ જાય તે જ દેશના અને કાશ્મીરના હિતમાં છે. ત્યાર પછી ૨મી ઓકટોબર, ૧૯૪૭ના દિવસે જ્યારે કાશ્મીર ભારતમાં વિલીન થયું ત્યારે અવસરનો લાભ ઉઠાવી પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કરી દીધું. પાકિસ્તાનના આક્રમણને ખાળવા ભારતીય સેના સજ્જ બની, પરંતુ શ્રીનગરની હવાઈ પટ્ટી ભારતીય યુદ્ધવિમાનોના ઉતરાણ માટે સાંકડી પડતી હતી. આવા કપરા સમયે રા. સ્વ. સંઘના એક હજાર જેટલા સ્વયંસેવકોએ ૨૪ કલાક અથાક પરિશ્રમ કરી આ હવાઈપટ્ટીને પહોળી કરી આપી. એ પછી વાયુસેનાનાં વિમાનોએ ઉતરાણ કર્યું અને કાશ્મીરને પાકિસ્તાનના આક્રમણથી બચાવ્યું. કાશ્મીરને બચાવવા માટે હજારો સ્વયંસેવકોએ બલિદાનો આપ્યાં છે. હુતાત્માઓ બની ચૂક્યા છે. દેશભકત સ્વયંસેવકોનો બલિદાનોનો આ સિલસિલો ચાલુ જ છે.

**ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની<br>ભવિષ્યવાણી સાચી પડી**

ચોક્કસ અને વિધેયાત્મક નિર્ણય ન લઈ શકવાની કોંગ્રેસની ભીરુતાને કારણે જ કાશ્મીરનું કોકડું આજે પણ ગૂંચવાયેલું છે. ગાંધીજી જયારે નોઆખલીનો પાલવ હત્યાકાંડ જોઈ પાછા ફર્યા ત્યારે તેઓ ડો. શ્યામાપ્રસાદ મુખર્જીને મળવા ગયા. ગાંધીજીએ ડો. મુખર્જીને કહ્યું કે દેશમાં ભીષણ હિંસા ફાટી નીકળી છે. પંજાબ, બંગાળ બધું જ સળગ્યું છે. જવાહરલાલની એવી માન્યતા છે કે, આવી દશામાં દેશમાં શાસન ન ચાલી શકે તો પછી શા માટે વિભાજનને સ્વીકારી ન લેવું ? શાંતિ તો સ્થપાશે અને હિંસાનો અંત આવશે.

ગાંધીજીની વાત સાંભળી એ પ્રસંગે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીએ જે કહ્યું એ આજે ચરિતાર્થ બનીને આપણી સામે ઊભેલ છે. શ્યામાપ્રસાદે કહ્યું, ગાંધીજી, તમે આ કેવી વાત કરો છો ? આજે તો આ લડાઈ પથ્થર, ઈંટ, ચાકુ કે ખંજરથી થઈ રહી છે, પરંતુ જો પાકિસ્તાન બન્યું તો આ લડાઈ તોપો, ટેન્ક, મશીનગન અને યુદ્ધજહાજોની બની જશે અને જે સૈકાઓ સુધી ચાલવા છતાં એનો અંત નહિ આવે. જિન્હા સાહેબનો મુસ્લિમ કટ્ટરવાદ આ વિભાજનથી વધારે વકરી જશે, કારણ કે એનો મૂળ સિદ્ધાંત જ હિન્દુ અને હિન્દુસ્તાન સાથે દુશ્મનાવટ છે. પાકિસ્તાન બની ગયા પછી એક પછી એક પછી એક નવી માગણીઓ આવી પડશે. પરંતુ કોંગ્રેસે અને તેના નેતાઓએ ડો. શ્યામાપ્રસાદની વાતને અવગણી. પરિણામ આપણી સામે છે. આ કર્મવીરની વાત સાચી ઠરી અને આઝાદી પછી ભારતે પાકિસ્તાન સામે ત્રણ વખત યુદ્ધ કરવાં પડયાં.

**કાશ્મીરી પંડિતો ઉપર જુલ્મો**

માત્ર ૩૦ વર્ષ પહેલાં કાશ્મીરમાં હિન્દુ-મુસ્લિમ પ્રજા હળી-મળીને રહેતી હતી, પરંતુ જેહાદી આતંકવાદથી હિન્દુ પ્રજાને વીણી વીણીને કાં તો ખત્મ કરી નાંખવામાં આવી છે કાં તો હાંકી કાઢવામાં આવી છે. કાશ્મીરમાં ત્રાસવાદીઓનું સૂત્ર છે, “રલિયા, ગસિયો, મરિયો !” અમારી સાથે ભળી જાવ અથવા જતા રહો. નહિ તો મરવા





# વર્ષોથી દબાયેલા સત્યને ‘ધ કાશ્મીર ફાઈલ્સ’ ફિલ્મ દ્વારા બહાર લવાયું છે

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૧ માર્ચે રિલીઝ થયેલી ફિલ્મ #TheKashmirFiles# પર પ્રતિક્રિયા આપી છે. ભાજપની સંસદીય બોર્ડની બેઠકમાં વડા પ્રધાને કરેલા સંબોધનમાં આજે ફિલ્મને લઈને વિસ્તારથી વાત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે, “આપણા દેશનું દુર્ભાગ્ય છે કે ઇતિહાસને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમાજની સામે યોગ્ય સમયે મૂકવામાં આવ્યો નથી. આખી દુનિયા માર્ટિન લ્યૂથરની વાત કરે છે, નેલ્સન મંડેલાની વાત કરે છે, પરંતુ દુનિયા મહાત્મા ગાંધીની ચર્ચા બહુ ઓછી કરે છે. જો એ સમયે કોઈએ હિંમત કરીને મહાત્મા ગાંધીના આખા જીવન પર એક ફિલ્મ બનાવી હોત અને એ દુનિયા સામે રાખી હોત તો કદાચ આપણે યોગ્ય સંદેશ આપી શકત. પહેલી વાર એક વિદેશીએ જ્યારે મહાત્મા ગાંધી પર ફિલ્મ બનાવી અને પુરસ્કાર મળ્યો ત્યારે દુનિયાને ખબર પડી કે મહાત્મા ગાંધી કેટલા મહાન હતા. ઘણા લોકો ફ્રીડમ ઓફ એક્સપ્રેશનની વાત તો કરે છે, પરંતુ તમે જોયું હશે કે ઇમર્જન્સી પર કોઈ ફિલ્મ ન બનાવી શકયું, કેમ કે સત્યને સતત દબાવવાનો પ્રયાસ થતો રહ્યો છે. ભારતવિભાજન, જ્યારે ૧૪ ઓગસ્ટને એક ત્રાસદી દિવસના રૂપમાં યાદ કરવા માટે નક્કી કર્યું તો ઘણા લોકોને વાંધો હતો. તમે જોયું હશે કે આજકાલ જે નવી ફિલ્મ “કાશ્મીર ફાઈલ્સ” આવી છે, તેની ચર્ચા ચાલી રહી છે. અને જે લોકો હંમેશા ફ્રીડમ ઓફ એકસપ્રેશનના ઝંડા લઈને ફરતા હતા, તે રઘવાઈ ગયા છે. છેલ્લા ઘણા દિવસોથી દિવસથી આ ફિલ્મનાં તથ્યો અને અન્ય ચીજોને આધારે વિવેચના કરવાને બદલે તેની સામે અભિયાન છેડ્યું છે. ફિલ્મ મારો વિષય નથી, મારો વિષય છે કે જે સત્ય છે એ સત્ય છે એને યોગ્ય સ્વરૂપમાં દેશની સામે લાવવું એ દેશની ભલાઈ માટે હોય છે. તેનાં અનેક પાસાં હોઈ શકે છે. જો તમને આ ફિલ્મ સારી ન લાગે તો તમે બીજી ફિલ્મ બનાવો. કોણ ના પાડે છે, પરંતુ તેમને પરેશાની થઈ રહી છે કે જે સત્યને આટલાં વર્ષો સુધી દબાવીને રાખ્યું, એને તથ્યોના આધાર બહાર લવાઈ રહ્યું છે, તો તેની વિરુદ્ધ પૂરી કોશિશ લગાવાઈ રહી છે. આવા સમયે જે સત્ય માટે જીવનારા લોકો છે, તેમના માટે સત્યની ખાતર ઊભા રહેવાની જવાબદારી હોય છે અને હું આશા રાખું છું કે આ જવાબદારી બધા લોકો નિભાવશે.”

તૈયાર રહો ! કાશ્મીરી પંડિતો કાશ્મીર છોડી જતા રહે તો તેમની મિલકતો, ધંધા-વ્યવસાય પર અને નોકરીઓ પર કબજો જમાવી લેવાનો આ તત્ત્વનો ઉદ્દેશ હતો અને આ ઉદ્દેશમાં તેઓ સફળ પણ થયા છે. ૯૯% હિન્દુઓ કાશ્મીર છોડી ગયા છે.

એક અંદાજ પ્રમાણે કાશ્મીર ખીણ વિસ્તારમાંથી ત્રણ લાખ તથા જમ્મુમાંથી લગભગ એક લાખ જેટલા હિન્દુ વિસ્થાપિતો વતનથી દૂર અન્યત્ર વસી રહ્યા છે.

કાશ્મીરમાંથી હિન્દુઓ હિજરત કરી જાય તેના માટે સરહદ પારના ત્રાસવાદે તથા કાશ્મીરમાં સ્થાયી થયેલાં જેહાદી તત્ત્વોએ હિન્દુઓ પર કેવા કેવા અત્યાચાર આચર્યા છે તે સાંભળીએ તો રૂંવાડાં ઊભાં થઈ જાય. કાશ્મીરમાં હિન્દુઓ ઉપર ક્રૂર ત્રાસ વરસાવવાનું ૧૯૮૯ પછી શરૂ થયું.

૧૯૯૦માં તે ચરમસીમાએ પહોંચ્યું. હિન્દુઓની દુકાનો-ખેતરોને આગ લગાડવી, બહેન-દીકરીઓની-વહુઓની આબરૂ લૂંટવી, હિન્દુઓના શરીરના ટુકડા કરી નાંખવા, આંખોમાં મરચું ભભરાવવું, શરીર પર ગરમ સળિયાના ડામ દેવા, હિન્દુઓને જાહેરમાં જીવતા સળગાવવા, ફાંસીએ લટકાવવા, આવા બનાવો રોજ-બરોજ બનવા લાગ્યા.

લાખો હિન્દુઓ છતા ઘરે બેઘર, છતા પૈસે ભિખારી, છતી ભૂમિએ ભૂમિવિહોણા, છતા દેશે નિરાધાર બની ગયા. દેશના બાંધવો પોતાના જ દેશમાં નિર્વાસિત બની ગયા !

કેન્દ્રમાં વિશ્વનાથ પ્રતાપ સિંઘ જ્યારે પ્રધાનમંત્રી હતા ત્યારે પ્રો.



રાજેન્દ્રસિંહ તેમને મળવા ગયેલા. તે સમયે ઈરાક યુદ્ધ ફાટી નીકળેલ અને ત્યાંના લોકોને સ્પેશ્યલ વિમાનોમાં ભારત લવાતા હતા. પ્રો. રાજેન્દ્રસિંહે વડાપ્રધાનને કહ્યું કે, તમે કુવૈતના લોકોને ભારતમાં લાવો છો, ઠીક છે, કારણ કે તેઓ પણ આપણા બાંધવો છે, પરંતુ આપણા જ દેશમાં ત્રણ લાખ નાગરિકો નિર્વાસિત છે, તો એમને વિષે પણ કંઈક વિચારો !

પ્રધાનમંત્રીએ પ્રત્યુતર આપ્યો: 'તમે કુવૈતથી આવેલા લોકોનો વિરોધ કે ઈર્ષા કરી રહ્યા છો.'' રાજેન્દ્રસિંહે કહ્યું, હું વિરોધ નથી કરતો. હું તો આપને એ બતાવવા માગું છું કે, તમારા નિર્ણયમાં સંકલન હોવું જોઈએ, નહિ કે પશ્ચાત્તાપ.

કાશ્મીરી હિન્દુ વિસ્થાપિતોના હક્ક માટે લડતી વિસ્થાપિત મહિલા સંતોષ પંડિતા, અજય ભારતી, એચ. એલ. જાડ જેવા યુવા વર્ગને એ વાતનો વસવસો છે કે, મુસલમાનોને કાંટો વાગે તો દાડી જનારા માનવ અધિકારવાળાઓ તથા બિનસાંપ્રદાયિકો અમારી પાસે ફરક્યા પણ નથી. અમે કોંગ્રેસની વોટ બેન્ક નથી ને?

## હિન્દુ મંદિરોનો નાશ

કાશ્મીરમાંથી ૯૯% હિન્દુઓ તો જતા રહ્યા, પરિણામે અહીં અનેક મંદિરોને તોડી નંખાયાં, બાળી નંખાયાં અને અપવિત્ર કરાયાં. રાજ્યમાં કોંગ્રેસ પ્રેરિત સરકારે તથા કેન્દ્રની કોંગ્રેસે આજ દિવસ સુધી મંદિરોને તૂટતાં બચાવવા કોઈ સઘન વ્યવસ્થા ગોઠવી નથી. ઘણા ધર્મનિરપેક્ષવાદીઓ એવાં ગાણાં ગાય છે કે કાશ્મીરમાં મંદિરોનું બહુ મોટું નુકસાન થયું નથી.

શ્રી દિલીપભાઈ સંઘાણીએ ૧૨મી માર્ચ, ૧૯૯૨માં લોકસભામાં તે સમયના ગૃહરાજ્યમંત્રી એમ. જેકલને આ સંદર્ભમાં સવાલ કર્યો હતો કે છેલ્લાં ત્રણ વર્ષોમાં જમ્મુ અને કાશ્મીરમાં કેટલાં ધર્મસ્થળોને નુકસાન પહોંચાડયું છે? સરકારે એ બાબતમાં શું પગલાં લીધાં છે ?

આ જવાબમાં જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર સરકાર મુજબ ૧૯૮૦માં ૩૮, ૧૯૯૦માં ૯ અને ૧૯૯૨માં ૧૬ ધાર્મિક સ્થળોને નુકસાન પહોંચ્યું છે.

કાશ્મીરી પંડિતો ઉપર બર્બરતાની દર્દનાક દાસ્તાન એટલે - ''ધ કાશ્મીર ફાઈલ્સ''.

કાશ્મીરી પંડિતોની પીડાને દર્શાવતી ફિલ્મ ''ધ કાશમીર ફાઈલ્સ' થિયેટરમાં રિલીઝ થઈ છે. વિવેક અગ્નિહોત્રીના નિર્દેશનમાં બનેલી ફિલ્મમાં સત્યને બેધડક રીતે દર્શાવ્યું છે. કાશ્મીરી પંડિતોના પલાયનની સત્ય હકીકતો ફિલ્મ જોનારાની સંવેદનાઓને સ્પર્શી જાય છે. ૧૯૯૦ના દશકમાં કેન્દ્રમાં રાજકીય અસ્થિરતાનો સમય હતો તે દરમિયાન કાશ્મીરી પંડિતોએ પલાયન કરી જવું પડયું એનાથી મોટી કરુણ અને દર્દનાક ઘટના કોઈ જ હોઈ શકે નહીં. કાશ્મીરી પંડિતો પર આતંકીઓએ કરેલા અત્યાચારને ફિલ્મ દેખાડે છે. ઈસ્લામિક આતંકવાદીઓએ પંડિતોને કેવી રીતે તેમના ઘરમાંથી ભાગવા મજબૂર કર્યા હતા તેની વાર્તા ફિલ્મ બતાવે છે. પરંતુ કેટલાંક દેશવિરોધી તત્ત્વો અને ડાબેરી વિચારધારા ધરાવતા બોલીવૂડના કેટલાક અગ્રણીઓને આ ફિલ્મથી પેટમાં તેલ રેડાયું છે. ફિલ્મનો પ્રચાર તો દૂરની વાત રહી પરંતુ તેમણે આ ફિલ્મ ના ચાલે તે માટે અનેક પ્રયત્નો કર્યા છે. આ ફિલ્મ જોયા વિના જ તેને પ્રોપગેન્ડા ફિલ્મ ગણાવી દીધી, કપિલ શર્માએ પોતાના શોમાં આ ફિલ્મના સર્જકોને બોલાવવાની ના પાડી દીધી તો કેટલાક લોકોએ આ ફિલ્મને મુસ્લિમ વિરોધી ગણાવી. પરંતુ હિન્દુસ્તાનના દર્શકો ખૂબ સમજદાર છે. તેમણે આ ફિલ્મને વધાવી લીધી અને ખોટો વિરોધ કરી રહેલા લોકોને દર્શકોએ ફિલ્મને સફળ બનાવીને જડબાતોડ જવાબ આપ્યો છે. આ ફિલ્મ બાબતે વિરોધીઓએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. દેશના ખ્યાતનામ પત્રકારોએ અને લેખકોએ સંશોધન કરીને તેના જવાબ પણ આપ્યા છે.



## અનંત લક્ષ્મણ કાનહરે

**જન્મ : ૧૮૯૧ • અવસાન : ૧૯-૪-૧૯૧૦**

અનંત લક્ષ્મણ કાનહરે ઔરંગાબાદના વતની હતા. સાવરકર દ્વારા સ્થાપવામાં આવેલી ક્રાંતિકારી સંસ્થા 'અભિનવ ભારત'ના તેઓ સક્રિય સભ્ય હતા. પોતે કોઈપણ સંજોગમાં વિચલિત નહિ થાય એ પ્રમાણિત કરવા સળગતી ચીમની પર બે મિનિટ સુધી હથેળી રાખેલી. સાવરકર લંડનમાં હોવાથી આ સંસ્થાની મોટા ભાગની જવાબદારી તેમના માથે હતી. લંડનમાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કર્યાના સમાચાર સાંભળીને કાનહરે પણ ભારતમાં એવા કોઈ ક્રૂર અધિકારીને ઠાર કરવા અધીરા થઈ રહ્યા હતા. થોડા દિવસમાં એમને શિકાર મળી પણ આવ્યો. નાસિકના કલેક્ટર જૈક્સને સાવરકરના મોટાભાઈ ગણેશ સાવરકરને આ સમયગાળામાં જ આજીવન કાળાપાણીની સજા કરી. ગણેશ સાવરકરનો ગુનો માત્ર એટલો જ કે 'મરાઠા' પત્રિકામાં તેમણે રાષ્ટ્રવાદી કવિતા લખી હતી. જૈક્સને અગાઉ પણ ક્રાંતિકારીઓને કઠોરમાં કઠોર સજા કરી હતી. સંગઠનની બેઠકમાં જૈક્સનની હત્યાનો દિવસ નક્કી કરવામાં આવ્યો. ૨૧ ડિસેમ્બર, ૧૯૦૯, જૈક્સનની નાસિકથી પૂના બદલી થઈ રહી હોવાથી આ દિવસે વિદાય સમારોહ યોજાવાનો હતો, જે અંતર્ગત નાસિકના વિજયાનંદન સભાભવનમાં રાત્રે 'શરદા' નાટક ભજવવાનું હતું. અનંત કાનહરે અને તેમના બે સાથીદારો કૃષ્ણ કર્વે અને વિનાયક દેશપાંડે શસ્ત્ર સાથે સજ્જ થઈને નિર્ધારિત સમયે વિજયાનંદ સભાભવનમાં પહોંચી ગયા. થોડા દિવસ પહેલાં જ સાવરકરે તેમના માટે લંડનથી માઉજર પિસ્તોલ મોકલી હતી. આ પિસ્તોલ સિવાય તેમની પાસે નિકલ પ્લેટેડ રિવોલ્વર પણ હતી. જૈક્સન જ્યાં બેસવાનો હતો તેની બરાબર સામે જ કાનહરેએ બેઠક લીધી. આ એવી જગ્યા હતી કે જૈક્સને પોતાની બેઠક સુધી જવા માટે ત્યાંથી પસાર થવું પડે એમ હતું. અગાઉથી નક્કી કરી નાખવામાં આવ્યું હતું કે કાનહરે નિશાન ચૂકે તો કર્વે ગોળી ચલાવે અને કર્વે પણ નિશાન ચૂકે તો દેશપાંડે ગોળી ચલાવે. નિશ્ચિત સમયે જૈક્સન સભાભવનમાં આવી પહોંચ્યો. એ જેવો કાનહરે પાસેથી પસાર થયો કે કાનહરેએ એના પર ગોળી છોડી દીધી. પણ નિશાન ખાલી ગયું. સહેજ પણ વિલંબ કર્યા વગર તેમણે બીજી ગોળી છોડી. જે જેક્સનના હાથમાં વાગી. જૈક્સન નીચે ઢળી પડ્યો. કાનહરેએ તેની છાતીમાં ધડાધડ કેટલીય ગોળી ધરબી દીધી. નાસિકથી વિદાય લેવાને બદલે જૈક્સન દુનિયાથી વિદાય લઈ ગયો ! કાનહરેની ત્યાં જ ધરપકડ કરી લેવામાં આવી. મુકદમો ચલાવવામાં આવ્યો. ચુકાદામાં કાનહરે સાથે કર્વે અને દેશપાંડેને પણ ફાંસીની સજા સંભળાવવામાં આવી. આ સિવાય એકને બે વર્ષ કારાવાસની સજા થઈ. થાણાની એક વિશેષ જેલમાં આ ત્રણે ક્રાંતિકારીઓને એકીસાથે ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા.

**REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev**





**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.